RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 15 Issue : 056 Dt. 16-09-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### અબ ઉંટ આયા પહાડ કે નીચે

## થુકેલું ચાટવા અમેરિકાની મથામણ

### ભારત અને US વચ્ચે સંભવિત દ્વિપક્ષીય વેપાર કરાર અંગે અમેરિકાના નેગોશિયેટર કરશે ચર્ચા : આજની બેઠક પર વિશ્વભરની મીટ

નવીદિલ્હી, તા..૧૦

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરના રાજીનામા બાદ, ચૂંટણી પંચે ૯ સપ્ટેમ્બરે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડતા જ, ગઉઅ અને ઈન્ડિયા એલાયન્સે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તાજેતરમાં, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના નેતૃત્વમાં ગઉઅ ના ઘટક પક્ષોની એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર પસંદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. ભાજપે કહ્યું છે કે ઉમેદવારનું નામ ૧૨ ઓગસ્ટ પહેલા જાહેર કરવામાં આવશે.

ઈન્ડિયા એલાયન્સે એવી પણ જાહેરાત કરી છે કે ઈન્ડિયા એલાયન્સ સંયુક્ત રીતે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર ઉભા રાખશે. આ સંદર્ભમાં, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વિવિધ ઘટક પક્ષો અને ઈન્ડિયા બ્લોકના નેતાઓ સાથે વાતચીત શરૂ કરી છે અને ઉમેદવારના નામ પર વિપક્ષી પક્ષો સાથે સર્વસંમતિ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈન્ડિયા એલાયન્સના નેતાઓ માને છે કે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીનું પરિણામ ગમે તે હોય, એક મજબૂત રાજકીય સંદેશ આપવાની જરૂર છે અને આ માટે ચૂંટણી લડવી જરૂરી છે.

ઉમેદવાર અંગે ઘટક પક્ષો વચ્ચે કોઈ ઔપચારિક વાતચીત થઈ નથી, પરંતુ સંભવિત ઉમેદવારોના નામો પર સાથી પક્ષો વચ્ચે ગુપ્ત વાતચીત ચાલી રહી છે. કોંગ્રેસના મલ્લિકાર્જુન ખડગે સર્વસંમતિ બનાવવા માટે વિરોધ પક્ષોના નેતાઓનો સંપર્ક કરી રહ્યા છે. કોંગ્રેસના સૂત્રો કહે છે કે ઘટક પક્ષોમાં સર્વસંમતિ છે કે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ગઠબંધન સંયુક્ત ઉમેદવાર ઉભા કરશે.

જોકે, વિપક્ષી નેતાઓ કહે છે કે ભાજપ પોતાના ઉમેદવારની જાહેરાત કરે તે પછી, ઈન્ડિયા બ્લોકે પોતાનો ઉમેદવાર નક્કી કરવો જોઈએ. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી એવા સમયે થઈ રહી છે જ્યારે ઈન્ડિયા એલાયન્સના પક્ષો બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા અને કથિત ચૂંટણી ગોટાળા સામે એક થયા છે. ઈન્ડિયા એલાયન્સના ટોચના નેતાઓએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાને રાત્રિભોજન બેઠક યોજી હતી અને ભાજપ-ચૂંટણી પંચના ''મત ચોરી મોડેલ'' અને બિહારમાં મતદાર યાદીના સુધારા સામે લડવાનો સંકલ્પ કર્યો હતો.

લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોની અસરકારક સભ્યપદ ૭૮૧ છે અને ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતવા માટે ઉમેદવારને ૩૯૧ મત મેળવવા પડશે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં, લોકસભા અને રાજ્યસભાના સાંસદો સાથે, નામાંકિત સભ્યો પણ મતદાન કરે છે.

બંને ગૃહોમાં ગઉઅ સભ્યોની સંખ્યા ૪૨૨ છે અને આ બહુમતી મેળવવા માટે પૂરતી છે. આ રીતે, ચૂંટણીમાં ગઉઅ ઉમેદવારનો વિજય નિશ્ચિત છે, પરંતુ ઈન્ડિયા એલાયન્સ દ્વારા રાજકીય સંદેશ આપવા માટે ઉમેદવારને મેદાનમાં ઉતારવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.



## આયકર વિભાગ આજે રાજકોટમાં બોલાવશે સપાટો?

### ટાર્ગેટની નજીક પહોંચવા સર્ચ ઓપરેશન યોજાય તેવી સંભાવના

રાજકોટ, તા. ૧૫

દેશની આવક વધારવા માટે સરકાર દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડારેક્ટ ટેક્સીસ તથા સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા ઈન્કમ ટેક્સ અને જીએસટીની અમલવારી શરૂ કરી દીધી છે. ત્યારે કેન્દ્ર સરકારની આવક વધારવા માટે સેન્ટ્રલ એજન્સી દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરી બેનામી વ્યવહારો તથા જીએસટી ચોરીનો પર્દાફાશ સમયાંતરે કરવામાં આવતો હોય છે. ત્યારે રાજકોટ ખાતે આવક વેરા વિભાગ દ્વારા કંઇક નવા-જૂની થવાના એંધાણ જોવા મળી રહ્યા છે. ગુજરાત વડી કચેરી દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટની નજીક પહોંચવા સર્ચ ઓપરેશન હાથ ધરાઇ તેવી પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. સર્ચ ઓપરેશન ક્યા ક્ષેત્રમાં થશે તેનો કોઇ તાગ હજી સુધી મળ્યો નથી. પરંતુ, રિયલ એસ્ટેટ તથા ફાઈનાન્સ ક્ષેત્રમાં આઇટીની ટીમ ત્રાટકે તેવા સંજોગો જોવા મળ્ય છે.




છેલ્લા ઘણા સમયથી રાજકોટ આવક વેરા વિભાગ દ્વારા કોઇ મોટું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું ન હતું. ત્યારે શકયતા છે કે, રાજકોટનું સર્ચ ઓપરેશન ખુબ મોટી કરચોરી બહાર લાવી શકે છે. હવે તે રિયલ એસ્ટેટ ઉપર છે કે કોઇ ફાઈનાન્સીયલ ઈન્ટિસટ્યૂટ કે શેર બ્રોકિંગ કંપની તે હવે રહ્યું જોવાનું.

### પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ તેમની નાપાક પ્રવૃત્તિઓ છોડી સોશિયલ મીડિયા દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે

## J&Kમાં ૧૦૦થી વધુ સોશિયલ મીડિયા હેન્ડલ પર પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૧૫

જમ્મુ અને કાશ્મીર સરકારે આવા ૧૦૦ થી વધુ સોશિયલ મીડિયા હેન્ડલ પર પ્રતિબંધ મૂક્યો છે, જે ડોડા અને કિશ્તવાડ જિલ્લામાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ખાસ વાત એ છે કે આમાંથી કેટલાક પાકિસ્તાનના પણ છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાનમાં બેઠેલા આતંકવાદીઓ ત્યાં તેમની નાપાક પ્રવૃત્તિઓ છોડી રહ્યા છે અને સોશિયલ મીડિયા દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ, આ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય મેહરાજ મલિકની ધરપકડ અંગે યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જેથી જમ્મુ અને કાશ્મીરમાં અશાંતિ ફેલાવીને વાતાવરણ બગાડી શકાય. જોકે, ઓમર સરકારે કાર્યવાહી કરી અને આ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા. અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાનમાં બેઠેલા ઘણા આતંકવાદી જૂથો ફરી એકવાર સોશિયલ મીડિયા દ્વારા ખીણમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ખતરાનો સામનો કરવા માટે, સરકારે ડોડા અને કિશ્તવાડ જિલ્લામાં કથિત રીતે ભડકાઉ સામગ્રી ફેલાવતા ૧૦૦ થી વધુ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂક્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૦૦ થી વધુ પ્રતિબંધિત સોશિયલ મીડિયા હેન્ડલમાંથી ઘણા સરહદ પાર (પાકિસ્તાન) થી સંચાલિત થઈ રહ્યા હતા. આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય



મેહરાજ મલિકની ધરપકડ બાદ આ હેન્ડલ્સ સ્થાનિક યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમનો હેતુ ખીણમાં અશાંતિ ફેલાવવાનો હતો, પરંતુ વહીવટીતંત્રે તાત્કાલિક કાર્યવાહી કરી અને પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જ આ એકાઉન્ટ્સને બ્લોક કરી દીધા. આમ આદમી પાર્ટીના જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ અને ધારાસભ્ય મેહરાજ મલિકની ડોડામાં જાહેર સલામતી કાયદા (PSA) હેઠળ ધરપકડ કરવામાં આવી છે. તેમના પર ડોડાના ડેપ્યુટી કમિશનર સાથે ગેરવર્તન કરવાનો અને હિઝબુલ મુજાહિદ્દીન કમાન્ડર બુરહાન વાની સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. આ ઉપરાંત, તેમના પર યુવાનોને 'લશ્કર' માટે ઉશ્કેરવાનો પણ આરોપ છે. ડોડા જિલ્લામાં શાંતિ ખલેલ પહોંચાડવાના આરોપમાં ૮ સપ્ટેમ્બરના રોજ મેહરાજની અટકાયત કરવામાં આવી હતી. તેમની ધરપકડ પછી, વિસ્તારના ઘણા ભાગોમાં હિંસક વિરોધ પ્રદર્શનો થયા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોટાભાગના બ્લોક કરેલા એકાઉન્ટ ફેસબુકના હતા, ત્યારબાદ ઈન્સ્ટાગ્રામ અને પછી ડના હતા. સરકારે કહ્યું કે હિંસા રોકવા અને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે સંવેદનશીલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ કાર્યવાહી જરૂરી હતી.

### ૧૨ કરોડના પ્રોજેક્ટમાં સર્વિસ રોડ રિપેર કરવામાં સરકાર તથા તંત્રએ આવે છે આલ... કોને કહેવું?

## લોકરોષ : રાજકોટ-જેતપુર હાઈ-વે પર લોકો જવાનું ટાળે છે

### પસાર થતાં મુસાફરો હેરાન-પરેશાન : હાઈ-વે પર મોડી રાત્રે અથવા વહેલી સવારે જવાનું કરે છે પસંદ : ડ્રાઈવર પણ ગાડી ચલાવવા નથી માંગતા

રાજકોટ, તા. ૧૫

છેલ્લા ઘણા સમયથી રાજકોટ-જેતપુર હાઇ-વેના કામગીરીને લઇને ઘણા ખરા પ્રશ્નો ઊભા થઇ રહ્યા છે. એટલું જ નહીં આ અંગે રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસનને પણ અનેકવિધ રજુઆતો કરવામાં આવી છેતાં કોઇ સુધારો જોવા મળ્યો નથી. આ અંગે હાઈવે પરથી પસાર થતાં અનેકવિધ લોકોને જ્યારે પુછવામાં આવ્યું તો તેઓએ કોન્ટ્રાક્ટર નહીં પરંતુ પોતાનો રોષ સરકાર ઉપર ઠાલાવ્યો અને કહ્યું કે, હવે તેઓ ચૂંટણી સમયે પોતાનો નિર્ણય આપશે.

હાલ, રાજકોટ-જેતપુર હાઇવે અત્યંત ખરાબ સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. આજ દિન સુધીના ઇતિહાસમાં આ પ્રકારનો ખરાબ રસ્તો જોવા મળ્યો નથી. ત્યારે દર પાંચથી દસ મિનિટે સ્થાનિક લોકો કે જેઓ તે હાઇવે પરથી પસાર થતા હોય છે. તે સરકારને યાદ કરે છે અને પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. એટલું જ નહીં તેમનું કહેવું છે કે, છેલ્લા ૧૫ દિવસે પૂર્વે કલેક્ટર દ્વારા મિટિંગ યોજવામાં આવી હતી, દિલ્હી નેશનલ હાઇવેની ટીમે હાઇવેની મુલાકાત લીધી હતી અને ખાસ બેઠક યોજી હાઇવેનું કામ ઝડપભેર પૂર્ણ કરવા માટે કોન્ટ્રાક્ટરને સૂચના પણ આપવામાં આવી. જેની અમલવારી તો શું તેની અમલવારી પણ થઇ નથી. જે સ્પષ્ટ સૂચવે છે કે કોન્ટ્રાક્ટરની સરકાર સાથે મિલી-ભગત છે.

૧૨ કરોડના પ્રોજેક્ટમાં જો તંત્ર તથા સરકાર સર્વિસ રોડ પણ સરખા ન કરી શકે તો તે ઘણું ખરું



સુચવી જાય છે. ત્યારે લોકોના રોષનું રિએક્શન તથા પરિણામ આગામી ચૂંટણી દરમિયાન જોવા મળશે. કારણ કે, આ અધુરા હાઈવેના કામથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. એટલું જ નહીં આ રસ્તા પરથી પસાર થવું હોય તો ડ્રાઈવર પણ ગાડીમાંથી ઉતરી જાય છે અને નોકરી છોડી દે છે. વાત અહીં જ પૂર્ણ થતી નથી. હાલ આ રસ્તા પરથી પસાર થવા માટે લોકો રાત્રિનો સમય તથા વહેલી સવારનો સમય પસંદ કરે છે. જેથી તેઓને ટ્રાફિક સમસ્યા ન નડે અને કોઇ બીજી અડચણ ન નડે. રાજકોટ-જેતપુર હાઈવે પહેલા જે એક કલાકે પહોંચી જવાતું તે હવે બે કલાક અને જો ટ્રાફિક હોય તો ત્રણ કલાક જેટલો માતબર સમય લાગી જાય છે. ત્યારે આ પ્રકારની કામગીરીનો મતલબ શું તે સો મણનો સવલા હાલ તંત્ર સમક્ષ ઊભો કર્યો છે.

સરકાર કરોડોના વિકાસ કામોની વાતો કરી રહી છે. પરંતુ, જે પાયાની સુવિધા એટલે કે રોડ-રસ્તા જે સારા હોવા જોઇએ તે વાત તો માત્ર કાગળ પર જ દેખાય છે. ત્યારે કોન્ટ્રાક્ટરને કમાવી દેવાની અભિલાષા આગામી ચૂંટણીમાં સરકારને નડશે તેવું લોકો જણાવી રહ્યા છે. છેલ્લે અનેકવિધ લોકો કે જેઓ તે હાઈવે પરથી પસાર થાય છે તેમણે કહ્યું કે, આટલી યાતના અને વેદના લોકો ભોગવે છે અને તેનો ખ્યાલ સરકારને પણ છે તો શું કામ પગલાં લેવામાં આવતા નથી અને સરકાર ક્યા અટકે છે તે પણ ચર્ચાનો વિષય છે.

# ૧૦ લાખ લોકોનું વજન ઉતારવા યોગ બોર્ડ આદરશે અભિયાન

## ‘મેદસ્વિતા મુક્તિ અભિયાન’ અંતર્ગત યોગશાસ્ત્ર અને આહારશાસ્ત્ર પર અમે વિશેષ ધ્યાન કેન્દ્રિત : મેદસ્વિતા મુક્તિ અભિયાન અંતર્ગત ગુજરાત દેશનું બનશે પ્રથમ રાજ્ય

રાજકોટ, તા. ૧૫

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, રાજ્યમાં યોગ બોર્ડ દ્વારા ’મેદસ્વિતા મુક્તિ અભિયાન’નું આયોજન કરવામાં આવશે, જે ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં પ્રથમ તબક્કો તા.૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૫, બીજો તબક્કો તા.૦૧થી ૩૧ નવેમ્બર અને ત્રીજો તબક્કો તા. ૦૧થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત યોગના માધ્યમથી રાજ્યના ૧૦ લાખ નાગરિકોનું વ્યક્તિ દીઠ ૧૦ કિ.લો વજન ઘટાડવા માટેનો યોગ બોર્ડે મહાસંકલ્પ કર્યો છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના યોગના એક્સપર્ટ કોચ દ્વારા યોગના માધ્યમથી એક વ્યક્તિનો ૧૦ કિ.લો વજન ઓછું કરીને રાજ્યના ૧૦ લાખ નાગરિકોનો સંયુક્ત રીતે કુલ ૧ કરોડ કિ.લો જેટલો વજન ઘટાડીને ગુજરાતના નાગરિકોને મેદસ્વિતાથી મુક્તિ આપવાની દિશામાં યોગ બોર્ડ દ્વારા પ્રયત્નો કરવામાં આવશે. યોગ આપણી સંસ્કૃતિ છે. યોગના માધ્યમથી સ્વાસ્થ્ય વર્ધનની સાથો-સાથ વજન પણ ઓછું થાય છે. ‘મેદસ્વિતા મુક્તિ અભિયાન’ અંતર્ગત યોગશાસ્ત્ર અને આહારશાસ્ત્ર પર અમે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીશું. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૭૫ સ્થળોએ યોગ



બોર્ડ અને આરોગ્ય વિભાગની મેડીકલ ટીમ પરિણામલક્ષી કાર્યક્રમો યોજીને નાગરિકોનો બ્લડ ટેસ્ટ, બોડી માસ ઇન્ડેક્સ તૈયાર કરીને સ્થળ પર જ ડાયટપ્લાન આપશે.

વધુમાં શીશપાલ રાજપૂતે કહ્યું કે, ’મેદસ્વિતા મુક્તિ અભિયાન’ અંતર્ગત ભારતમાં ગુજરાત પ્રથમ રાજ્ય હશે, જ્યાં ૧૦ લાખ લોકોનું વજન ઓછું થયું હશે. ગુજરાત યોગ બોર્ડ ફક્ત યોગ દિવસ એટલે કે, ૨૧ જૂને જ કાર્ય નથી કરતું, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રહીને નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા કરે છે. યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં આયોજિત ૫૦૦૦થી વધુ નિઃશુલ્ક યોગ વર્ગોમાં અંદાજિત ૫ લાખથી વધુ નાગરિકો જોડાયા છે. આ યોગ કેમ્પમાં જોડાઈને રાજ્યના નાગરીકોએ ૫ કિ.લો, ૧૦ કિ.લોથી લઈને ૨૦ કિ.લો જેટલું વજન ઘટાડ્યું છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન શીશપાલે વધુમાં ઉમેર્યું કે, ગુજરાત રાજ્ય યોગ બોર્ડની ટીમ મહાનગરોમાં, જિલ્લાઓમાં, તાલુકા કક્ષાએ રાજ્યમાં કાર્યરત છે. ગુજરાતનાં નાગરિકો યોગી બનીને નિરોગી બને તે દિશામાં યોગ બોર્ડ આગામી સમયમાં ગામે ગામ સુધી પોતાના યોગ કેન્દ્રોનું આયોજન કરશે. મેદસ્વિતા એ આજે સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે. મેદસ્વિતાએ બીમારીઓનો ખજાનો છે. ’મેદસ્વિતા મુક્તિ અભિયાન’ નાગરિકોના તન અને મનનો ભાર ઘટાડવામાં એક અસરકારક પગલું પૂરવાર થશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ અભિયાનમાં જોડાઈને ‘સ્વસ્થ ગુજરાત, સુખી ગુજરાત’ બનાવવાની નેમ લીધી છે. આમ રાજ્યના નાગરિકોને ’મેદસ્વિતા મુક્તિ અભિયાન’માં જોડાઈને યોગી અને નિરોગી બનવા તેમણે અનુરોધ કર્યો હતો.

# પોલીસ સ્ટેશનોનું રેન્કિંગ હવે સુવિધાઓ પર આધારિત

## નવા રેન્કિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય : વિકાસ સહાય જેમ નાગરિકોને મળતી સુવિધા હશે સુસજ તેમ પોલીસ સ્ટેશનના રેન્કિંગમાં પણ થશે સુધારો

રાજકોટ, તા. ૧૫

ગુજરાતના પોલીસ સ્ટેશનોના રેન્કિંગ માટેની પદ્ધતિમાં એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ માત્ર ગુનાના આંકડા (ક્રાઈમ સ્ટેટેસ્ટિક્સ) પર આધારિત થતું રેન્કિંગ હવે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની સૂચનાથી સિટીઝન સેન્ટ્રીક (નાગરિક-કેન્દ્રિત) કામગીરી અને સુવિધાઓ પર આધારિત રહેશે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ફેરફાર DG-IG કોન્ફરન્સ ૨૦૨૪ના મુખ્ય મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. હવેથી, રાજ્યના દરેક શહેર અને જિલ્લામાં વર્ષમાં બે વખત આ નવા પેરામીટર્સના આધારે પોલીસ સ્ટેશન રેન્કિંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહ્યું છે. આ રેન્કિંગમાં લગભગ ૪૦ જેટલા અલગ-અલગ નાગરિક-કેન્દ્રિત મુદ્દાઓને સમાવવામાં આવ્યા છે.

નવા રેન્કિંગ માપદંડમાં નાગરિકોને સીધો લાભ મળે તેવી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.




જેમાં, અરજીઓનું ઝડપી નિવારણ, ‘શી’ (SHE) ટીમ દ્વારા સિનિયર સિટીઝન સાથેની મુલાકાતો, પોલીસના ગેરવર્તનની અરજીઓ, ’ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી’ અને ’તેરા તુજકો અર્પણ’ જેવા કોમ્યુનિટી પોલીસિંગ કાર્યક્રમોનો અમલ જેવી બાબતોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, પોલીસ સ્ટેશનમાં સ્વચ્છતા, હાઈજેનિક મહિલા શૌચાલયની વ્યવસ્થા, પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા, રાહત કક્ષ (ઠક્ષશિંક્ષલ અયિફ) અને તેમાં નાગરિકો માટેની સુવિધાઓ, વૃક્ષારોપણ કાર્યક્રમો, સીસીટીવી કેમેરા અને ફાયર સેફ્ટી જેવી પાયાની સુવિધાઓને પણ ગુણ આપવામાં આવશે. એટલું જ નહીં, સંબંધિત પોલીસ સ્ટેશનના ડ્રજ્ઞ અને જીંઇ દ્વારા સરકારી નંબરનો ઉપયોગ પણ આ મૂલ્યાંકનમાં સામેલ કરવામાં આવ્યો છે.

આ નવી પદ્ધતિ મુજબ, દરેક શહેર અને જિલ્લાના પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર પોલીસ સ્ટેશનને રાજ્યના પોલીસ વડા તરફથી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવશે. આનાથી પોલીસ સ્ટેશનો વચ્ચે નાગરિકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવા માટે સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થશે. તાજેતરમાં આ નવી પદ્ધતીના આધારે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં પોલીસ સ્ટેશનોની રેન્કિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. પ્રથમ સ્થાન મેળવનાર પોલીસ સ્ટેશનોના થાણા ઇન્ચાર્જને રાજ્ય પોલીસ વડા દ્વારા પ્રશંસાપત્ર પાઠવવામાં આવ્યા છે.

## લાંબા સમયથી ડેપો મેનેજર ભર ઊંઘમાં હોવાથી મુસાફરો અને બસ ડ્રાઇવરોને પડતી તકલીફો હવે દૂર : સીટી ઇજનેર રાવલ અને સમિતિના ગુજરાત પ્રતિનિધિ ગજુભા હાજર રહ્યા હાજર

# ST બસપોર્ટના મસ મોટા ખાડાઓ બૂરાયા

રાજકોટ, તા. ૧૫

ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગુજરાતના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ વિરાણી ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટના ઢેબર રોડ પર એસ.ટી બસપોર્ટ પણ લાંબા સમયથી મસ મોટા ખાડાઓ બસના એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર હતા જે પગલે ત્યાં વરસાદનું પાણી ભરાતા મુસાફરોને અને બસની અવરજવરમાં ભારે હાલાકી વેઠવી પડતી હતી અને ડ્રાઈવરોને પણ બસ અંદર લેતી વખતે બસની કમરનો તૂટે તો પેનલ્ટી થતી હતી અને અંદર લેવામાં પણ ભારે હાલાકી થતી હતી.

બસ પોર્ટ પર ૧૨૦૦ થી વધુ બસોની અવરજવર હોય અંદાજે ૭૦,૦૦૦ મુસાફરો બસમાં આવ-જા કરતા હોય ત્યારે આ ખાડા મુસાફરોના મણકા તોડી નાખે એ પ્રકારના હતા તેમ છતાં રાજકોટના સિનિયર ડેપો મેનેજર દ્વારા બાજુમાં જ રહેલા રાજકોટ મહાનગરપાલિકામાં પણ રજૂઆત કરી હોય એવું અમારી જાણમાં છે નહીં. ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલાએ ઢેબર રોડ પરના આ ખાડા અંગે રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના સીટી ઇજનેર રાવલ અને વોર્ડ નંબર સાતના મધુ ગાનવિત સાથે



સતત સંપર્કમાં રહી મુસાફરોને પડતી તકલીફથી વાકેફ કરેલ હતા અને તાત્કાલિક બસપોર્ટ ના એન્ટ્રી અને એક્ઝીટ ગેટ પરના ઢેબર રોડ પરના ખાડાઓ આજરોજ બુરી દેવામાં આવ્યા છે. સવારે ડામર પાથરતી વખતે સેન્ટ્રલ ઝોનના સીટી ઇજનેર રાવલ અને સમિતિના ગુજરાત પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા અને વ્યવસ્થિત કામગીરી પૂર્ણ કરાવી હતી. આ તકે હકારાત્મક અપનાવી તાત્કાલિક કામ પૂર્ણ કરાવવા બદલ રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના સીટી ઇજનેર અને વોર્ડ નંબર ૭ ના ડેપ્યુટી ઇજનેરનો ગુજરાત એસટી મુસાફર હિતરક્ષક સમિતિ આભાર વ્યક્ત કરે છે. ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ દિલીપભાઈ આસવાણી પટેલ નાગજીભાઈ વિરાણી.

# રૈયાધારના રીક્ષા ચાલકને પેઢી સંચાલકનો ૧૨.૮૪ લાખનો ધૂમ્બો

## મીનેશે પ્રથમ ૫૦ હજાર ઉછીના લીધા બાદમાં લોનથી મોબાઈલ ફોન ખરીદ્યા, ભાડેથી કાર લઈ ગયોઃ પછી કંઈ પાછું ન આપ્યુંઃ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ, તા. ૧૫

શહેરમાં છેતરપિંડીમાં વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં રૈયાધાર વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલકને છેતરીને મૂળ જામનગરનો શખ્સ રૂ. ૧૨,૮૪,૦૦૦નો ધૂમ્બો મારી જતા આ મામલે યુનિવર્સિટી પોલીસે તપાસ શરૂ કરી છે.

આંગે યુનિવર્સિટી પોલીસે રે આધાર સ્લમ ક્વાર્ટરમાં શાંતિનગરના ગેઇટ સામે રહેતા અને રીક્ષા હંકારી ગુજરાન ચલાવતા પંચાવન વર્ષના દેવજીભાઇ સોમાભાઇ રાઠોડની ફરીયાદ પરથી રોડ જામનગરના અને હાલ રાજકોટ રહેતા મિનેશ અતુલભાઇ પિત્રોડા વિરુદ્ધ ઠગાઈ નો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે

દેવજીભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા પરીવાર સાથે રહુ છુ અને રીક્ષા ડ્રાઇવિંગ કરી મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ ગત ફેબ્રુઆરી-૨૦૨૫માં અમો રીક્ષા ચલાવતા હતા ત્યારે આ મિનેશ અતુલભાઈ પિત્રોડા (રહે. ભગવતી કુપા કામદાર કોલોની શેરી નં.૦૩ ખોડીયાર કોલોની જામનગર હાલ રહે. સવન સિગ્નેટ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.એ-૩૦૧ રૈયા રોડ)ના પત્નિને રોજિંદા રીક્ષામાં બેસાડી મુકવા જતા હતા ત્યારે અમો આ મિનેશ પિત્રોડાના સંપર્કમા આવેલ હતા. બાદ આ મિનેશ પિત્રોડા મને શાંતીનગરના ગેઇટ પાસે ભેગા થયેલા હતા ત્યારે તેણે મને વાત કરેલ કે મારે રાજકોટ મુકામે ભગવતી એન્જીનીયરિંગ વર્ક નામની પેઢી ચાલે છે તેમા સ્ટાફને લાવવા તથા મુકવા ગાડીની જરૂરીયાત છે તેમ વાત કરેલ જેથી અમોએ મારી માલીકીની અર્ટીગા કાર ભાડે આપવા જણાવેલ હતુ. જેથી મિનેશએ મને તેની ઓફીસ રામાપીર ચોકડી પાસે સદભાવના હોસ્પીટલની બાજુમા આવેલ છે ત્યાં રૂબરૂ આવવા જણાવેલ હતુ.

જેથી હુ મિનેશની ઓફીસે ગયેલ હતો ત્યારે મિનેશના સ્ટાફને લેવા મુકવા ગાડી ભાડે જોઇતી હોઇ જેથી અમોએ આ મિનેશ પિત્રોડાને મારી માલિકીની મારૂતી સુઝુકી કંપનીની એટીંગા નં. GJ-૦૩-LR-૭૨૬૫ રૂ.૩૫,૦૦૦ના માસીક ભાડા પેટે આપવાનુ નકકી કરેલ હતુ. જેથી અમો આ મિનેશને મારી માલીકીની અર્ટીગા કાર ભાડે આપવા અંગે ભાડાકરાર તા.૨૦/૦૨/૨૦૨૫ થી તા.૧૯/૦૧/૨૦૨૬ સુધી ૧૧ માસ માટે કર્યો હતો.બાદ આ સમયગાળા દરમ્યાન મિનેશ પિત્રોડાએ અમોને વાત કરેલ કે મારે હોસ્પીટલના કામે પૈસાની જરૂરીયાત છે હું તમને થોડાક દિવસમા પૈસા પરત કરી આપીશ.

તેમ કહેતા અમોએ આ મિનેશ પિત્રોડા ઉપર વિશ્વાસ રાખી અમારી બેંક ઓફ ઇન્ડિયાનો ચેક રકમ રૂ.૫૦,૦૦૦નો લખી મિનેશને આપેલ હતો અને આ મિનેશએ ચેક વટાવી રૂ.૫૦,૦૦૦ ઉપાડી લીધેલ હતા .બાદ આ સમયગાળા દરમ્યાન મિનેશ પિત્રોડા મને ભેગા થયેલા અને મને કહેલ કે મારો બેંકમાં સીબીલ સ્કોર ખરાબ હોવાથી મને લોન મળે તેમ નથી અને મારે મોબાઇલની અત્યારે ખુબ જ જરૂરીયાત છે જેથી તમો મને તમારા નામે મોબાઇલ ઉપર લોન કરી આપો હુ મોબાઇલની લોન પેટેના હપ્તા સમયસર ભરીશ તેમ વાત કરતા અમો આ મિનેશના વિશ્વાસમા આવી અમોએ મારી પુત્રી કિરણબેનના નામે રાજકોટ એસ્ટ્રોન ચોકમાથી આઈફોન રૂ.૭૦,૯૮૪ હપ્તેથી ખરીદ કરેલ અને બીજો મોબાઇલ મારા નામે કી. રૂ.૨૪,૦૦૦થી હપ્તેથી ખરીદ કરીને આ મિનેશ પિત્રોડાને આપેલ હતા.

ત્યારબાદ મિનેશએ મને પ્રથમ ત્રણ માસનુ અર્ટીગા કારનુ ભાડુ રોકડા રૂ.૦૧,૦૫,૦૦૦ કટકે કટકે કરીને આપેલ અને બાદ આ મિનેશ પિત્રોડાએ ગાડીનુ ભાડુ આપવાનુ બંધ કરી દીધેલ અને મોબાઇલની લોન પણ ભરતા ન હોય જેથી અમોએ મિનેશને અર્ટીગા કારના ભાડા પેટેની રકમ માંગતા તો તેઓ બહાના બતાવવા લાગેલ જેથી અમોને જણાઈ આવેલ કે આ મિનેશએ મારી સાથે વિશ્વાસઘાત કરેલ છે બાદ અમો મિનેશ પિત્રોડાને રૂબરૂ મળેલા ત્યારે મિનેશને કહેલ કે મને મારી અર્ટીગા કાર તથા મે તમોને ચેક મારફતે આપેલ રૂ.૫૦,૦૦૦ તથા તમોને લોન આધારે ખરીદ કરી આપેલ મોબાઇલ પરત આપી દો તેમ વાત કરતા આ મિનેશ કહેવા લાગેલ કે હાલ મારી પાસે પૈસા નથી. હુ તમને કટકે કટકે કરીને તમારી લેણી રકમ તથા ગાડી પરત કરી આપીશ તેમ કહી મિનેશએ તેની બેંક ઓફ બરોડાનો ચેક મને રકમ રૂ.૬૬,૦૦૦ લખી આપેલ .

મેં આ મિનેશ પિત્રોડા ઉપર વિશ્વાસ રાખી ચેક સ્વીકારેલ હતો. બાદ અમોએ જોયુ તો ચેકમા અન્ય વ્યક્તિ શૈલેષભાઇ એમ.ધારોડીયાની સહી હતી. જેથી ચેક બેંકમા જમા કરાવતા ચેક પાસ થયેલ નહી. જેથી મિનેશ પિત્રોડાને ફોન કરીને ચેક બાબતે પુછેલ તો તેઓ ગોળ ગોળ જવાબ આપવા લાગેલ અને ફોન કાંપી નાંખેલ. બાદ અમેં અવારનવાર આ મિનેશનો સંપર્ક કરતા તેનો ફોન સ્વીચઓફ આવે છે. આમ મિનેશ પિત્રોડાએ મને વિશ્વાસમા લઇ મારી માલીકીની એટીંગા કાર ભાડે ચલાવવાનુ કહી મારી પાસેથી મારી અર્ટીગા કાર લઇ જઇ આજદીન સુધી મને મારી અર્ટીંગા કાર જેની કી.રૂ. ૧૦,૦૦,૦૦૦ વાળી પરત કરેલ નહી તેમજ આજદીન સુધીનુ અટીંગા કાર પેટેનું માસીક નક્કી કરેલ ભાડુ પેટે કુલ રૂ.૧,૪૦,૦૦૦ પરત ન ચુકવી તેમજ મે આ મિનેશને ચેક મારફતે રૂ. ૫૦,૦૦૦ આપેલા જે આજદીન સુધી પરત કરેલ નથી તેમજ આ મિ નેશભાઈ પિત્રોડાને મારા નામે ઉપરોકત બે મોબાઇલ ફોન જેની કી. રૂ.૯૪,૯૮૪ ખરીદ કરીને આપેલ હતા જે મોબાઇ લ લોનના હપ્તા મિનેશએ ભરેલ નહી અને મને પરત કરેલ નહી આમ આ મિનેશ પિત્રોડાએ મારી સાથે કુલ ૧૨ લાખ ૮૪ હજારની ઠગાઇ કરી મારી અર્ટીગા કાર તથા લેણી રકમ તથા મોબાઇલ ફોન મને આજદીન સુધી પરત ન ચુકવી મારી સાથે ઠગાઈ કરેલ હોય જેથી આ મિનેશ પિત્રોડા વિરૂધ્ધ ફરિયાદ કરી હતી. યુનિવર્સિટી ઇન્સ્પેક્ટર એચ એન. પટેલના માર્ગદર્શન હેઠળ એએસઆઇ વી.ડી.ઝાલાએ ગુનો દાખલ કરી તપાડ શરૂ કરી છે.

## સમાજ એકતા દ્વારા રાષ્ટ્રીય એકતાના સંકલ્પ સાથે સમાજ ઉપયોગી અને હિન્દુ સંસ્કૃતી જતન કરવાનો લક્ષ્ય

# યુનિટી ફાઉન્ડેશન દ્વારા પ્રાચીન ગરબી અર્વાચીન દાંડીયા રાસનું આયોજન

રાજકોટ, તા. ૧૫

યુનિટી ફાઉન્ડેશન, સમાજને કંઈક આપવાની ઉદ્દેશથી, સમાજ એકતા દ્વારા રાષ્ટ્રીય એકતા ના સંકલ્પ સાથે અને સમાજ ઉપયોગી અને હિન્દુ સંસ્કૃતી જતન અને જાળવણી માટે સમાજના અગ્રણી વ્યક્તિઓ ડોકટરો, વકીલો, એન્જિનિયરો, ઉદ્યોગપતિઓ, રાજકીય અગ્રણીયો, અને સત્યસાંઈ સોસાયટી આસપાસના સમાજ શ્રેષ્ઠીઓ દ્વારા પ્રાચીન ગરબી, વૈદિક હોળી,જરૂરિયાતમંદ દીકરીઓના સમુહ લગ્ન, યોગ દિવસ તેમજ મેડિકલ ને લગતી પ્રવૃત્તિ છેલ્લા ત્રણ વર્ષથી કરી રહી છે.

ગત વર્ષેની જેમ આ વર્ષે પણ સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પ્રાચીન ગરબી ને અર્વાચીન દાંડીયા રાસનું મિશ્ર સ્વરૂપે એકજ સ્થળે આયોજન કરવા જય રહેલ, નવદુર્ગા ગરબી અને અર્વાચીન દાંડિયાને બહોળો પ્રતિસાદ મળેલ છે આ વર્ષે પણ બેસ્ટ્ર સિંગર, ઓરકેસ્ટ્રા, સાઉન્ડ સિસ્ટમ, એન્કર તથા બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ખેલૈયાઓને આવકારવા ‘‘યુનિટી ફાઉન્ડેશન‘‘ સજ્જ છે. સમગ્ર કુટુંબ સહપરિવાર એક જ જગ્યાએ નવરાત્રીનો સંપૂર્ણ બહાવો લઈ શકે તેવી વ્યવસ્થા ‘‘યુનિટી ફાઉન્ફેશન‘‘ દ્વારા કરવામાં આવેલ છે.

રાજકોટની મધ્યે સરળતાથી આવી-જઈ શકાય તેવા નાનામવાના સત્યસાંઈ રોડ ઉપર આવેલ આલાપ હેરિટેજની બાજુમાં આવેલ ગાર્ડનમાં તારીખ ૨૨ થી ૧ ઓક્ટોબર સમય સાંજે ૮ થી ૧૦ પ્રાચીન ગરબી અને ૧૦ થી ૧૨ અર્વાચીન દાંડીયા રાસનું વિશાળ



ગ્રાઉન્ડ્ર તેમજ બાઉન્સર, સિક્યુરિટી સિસ્ટમ તથા ઈઈઝટ કેમેરા વિગેરે સુવિધા સાથે ‘‘યુનિટી ફાઉન્ડ્રેશન‘‘ દ્વારા લોક સલામતી અને સુરક્ષાની ખાસ તકેદારી રાખવામાં આવેલ હોવાથી તેમજ પાસની રકમ ખૂબ જ વ્યાજબી અને આ રકમ સમૂહ લગ્નઃ માટે વપરાતી હોવાથી લોકો દ્વારા પાસ કઢાવવા માટે બહોળો પ્રતિસાદ મળેલ છે તદુપરાંત ગરબી અને અર્વાચીન દાંડિયા રાસ જોવા માટે વહેલા તે પહેલાના ધોરણે ફ્રી એન્ટી રાખવામાં આવી છે.

‘યુનિટી ફાઉન્ફેશન’ દ્વારા આયોજિત નવદુર્ગા ગરબી તથા અર્વાચીન દાંડિયા સાથે હોવાથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાના હોવાથી ટ્રસ્ટ, કઊઉ સ્ક્રીન અને બેનર મારફતે જાહેરાત આપવા માટે લોકોની મોટા પાયે ઇનકૂવાયરી આવતા તેમજ બેનર્સના ઓર્ડરો આવતા ’યુનિટી ફાઉન્ફેશન’ની ટીમમાં ઉત્સાહ જોવા મળી રહીઓ છે હાલમાં છેલ્લા એક મહિનાથી બાળાઓને કોરિયોગ્રાફર દ્વારા ટ્રેનિંગ આપવાનું ચાલુ છે અને હિંદુ સંસ્કૃતિ મુજબ ગરબીની લ્હાણી આપવાનું ખુબજ મહત્વ હોઈ સમાજ શ્રેષ્ઠીઓ સામેથી લહાણી લખાવી રહિયા છે. આ સમગ્ર આયોજન દ્વારા જે રકમ વધે તેમાંથી તેમજ ટ્રસ્ટ્રીઓ અને દાતાઓના સહયોગથી આવતી તારીખ ૧૧/ ૧ /૨૦૨૬ના રોજ જરૂરિયાતમંદ, માતા પિતા વિહોણી, આર્મીમેન અને દિવ્યાંગ દીકરીઓના ભવ્ય સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવેલ છે આ સમગ્ર આયોજન સફળ બનાવા માટે યુનિટી ફાઉન્ડેશન ચેરમેન અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, ગુજરાત બિલ્ડર એસોસિએશનના ચેરમેન, માગદર્શક પરેશભાઈ ગજેરા, પ્રમુખ હરેશભાઈ કાનાણી ઉપ પ્રમુખ વિજય તોગડીયા સેક્રેટરી જીગ્નેશ કિયાડા, તેમજ યુનિટી ફાઉશનના ટ્રસ્ટ્રીઓ નિલેશ વિરાણી મનીષ ભૂત, રાજેશ વૈષ્ણવ, પ્રિતેશ પટેલ નૈમિષ પટેલ,હરકિશન સોજીત્રા, ધીરુ આસોદરીયા, અશ્વિન રૂપાપરા, ચંદુ કાપડિયા ચંદ્રેશ પાદરીયા, સંજય અજાણી, હરિ ભેડેરી, વિપુલ પટેલ, જીત કક્કડ, કેતન સોરઠીયા, પરેશ ઘેલાણી શૈલેષ શિંગાળા, ભાવેશ લીંબાસીયા, નિલેશ ટીલાળા અનિલ ભલુ, ચેતન સુદાણી, અતુલ સખીયા, હિતેશ હાપલીયા, અશ્વિન ભુવા, વલ્લભ તોગડીયા, જયેશ ચોથાણી પ્રકાશ પીપળીયા, વિમલ સીદપરા, રસિકભાઈ સોરઠીયા રવિરાજ મંડ અમિતભાઈ વેકરીયા જહેમત ઉઠાવી રહિયા છે.

# સાત સ્ટેન્ડિંગથી પેન્ડિંગ કપાત મિલકતની દરખાસ્ત મંજૂર

## સાંસદ રામભાઈ મોકરીયા સહિતના આસામીઓને મળશે લાભ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે સ્ટેન્ડિંગ કમિટી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં છેલ્લા લાંબા સમયથી રામભાઈ મોકરીયા ને લગતી જે દરખાસ્ત થતી તે સતત પેન્ડિંગ રહેતી હતી જેને ગઈકાલે મંજૂર કરી દેવામાં આવી છે અને જે વિવાદ ઉભો થવાની જે પ્રીતિ હતી તે પણ હવે શાંત થઈ ચૂક્યો છે. મળતી માહિતી મુજબ છેલ્લી સાત સાત સ્ટેન્ડિંગમાં ચર્ચા માટે પેન્ડિંગ રાખવામાં આવેલ શીતલપાર્ક રોડમાં કપાતના વળતરની એક ખાસ વ્યકિતની દરખાસ્ત આજે મંજૂર કરી તેમની મન ગમતા સ્થળે જગ્યા ભાળવવામાં આવી હતી. જાણ કારોના મતે અસરગ્રસ્ત સાથે મતભેદ હોય કે, અન્ય કારણોસર આ દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી રહી હતી.



પરંતુ ભારે ચર્ચા જાગ્યા બાદ ઉપરથી દબાણ આવ્યુ હોય કે, સમાધાન થયુ હોય આ દરખાસ્ત તાત્કાલીક મંજૂર કરવા માટે વહેલી ઇમરજન્સી સ્ટેન્ડિંગ બોલવવામાં આવી છે અને ચર્ચાસ્પદ દરખાસ્તને મંજૂર કરી અસરગ્રસ્ત રામભાઇ હરજીભાઇ મોકરીયાની કપાત ગયેલ ૨૪૬.૮૩ ચોરસ મીટર જગ્યાની સામે બાજુમાં આવેલ મનપાની માલિકીના પ્લોટ નં.આર ૯માં એટલી જ જગ્યા ફાળવવામાં આવી છે. એક દરખાસ્ત આજે મંજૂર કરવામાં આવેલ.

ગઈકાલની સ્ટેન્ડિંગ બેઠકમાં મેઇન રોડ પહોળો કરવા દબાણમાં આવતી મિલકતોના વળતર પેટે જે જગ્યા આપવા માટે અસરગ્રસ્તોની દરખાસ્ત મંજૂર કરી હતી જે બાદ એક જ વ્યક્તિને વળતર ચૂકવવામાં ઘણો ખરો સમય વીતી ગયો જેમાં ૯ મીટર ટીપી રસ્તાને લાઈનો પબ્લિક સ્ટ્રેટ અંતર્ગત ૧૨ મીટર પહોળો કરવામાં આવતા વિવાદ ઉભો થયો હતો. મળતી માહિતી મુજબ ૧૧ અંતિમ ખંડની જમીન સંપાદન થઈ ચૂક્યું છે જેમાં કુલ સાત ખાનગી માલિકના અંતિમ ખંડોની જમીન સંપાદન થવાનું છે. રાજકોટ મહાનગરપાલિકાને સંપ્રાપ્ત થયેલ કુલ-૩ અનામત પ્લોટોની જમીન ૩૨૪.૩૬ ચો.મી. મળીને કુલ-૧૧ અંતિમખંડોની કુલ જમીન ૧૫૬૪.૫૪ ચો.મી. સંપાદન થાય છે.

# ઉપાસના ટ્રાવેલ્સના ભરતભાઈ વાળાનું નિધન

રાજકોટ, તા. ૧૫

રાજકોટના નિવૃત પીએસઆઇ સ્વ. જયતાભાઇ વાળાના જયેષ્ઠ પુત્ર તથા ઉપાસના ટ્રાવેલ્સના ભરતભાઇ વાળાનું ગઈકાલે નિધન થતા પરિવારો, સ્નેહીઓ, મિત્રોમાં ઘેરો શોક છવાયો છે. ગઈકાલે બપોરે ભરતભાઇ વાળાના પાર્થિવદેહની અંતિમ યાત્રા તેમના નિવાસ સ્થાન આદિનાથ ટાવર, આકાશવાણી સામેથી નીકળી ત્યારે અગ્રણીઓ, મિત્રો, સ્નેહીઓ જોડાયા હતા તેમના પાર્થિવદેહની અંતિમ સંસ્કાર વિધિ રામનાથપરા-મુક્તિધામ ખાતે કરવામાં આવી હતી . સ્વ. ભરતભાઇ વાળા (ઉપાસના ટ્રાવેલ્સ) તે નિવૃત પીએસઆઇ સ્વ. જયતાભાઇ વાળાના મોટા પુત્ર તેમજ દશરથભાઇ વાળા તથા સ્વર્ગસ્થ ગૌતમભાઇ વાળાના મોટા ભાઇ તેમજ નિવૃત મામલતદાર એમ.ડી. માંજરીયાના સાળા તથા અમરીશરાજ વાળાના પિતાનું બેસણું તા. ૧૯મીના શુક્રવારે બપોરે ૪ થી ૬ મોહનભાઇ હોલ, કસ્તુરબા રોડ, ચૌધરી હાઇસ્કુલ પાસે રાખેલ છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# દેશહિત આઉટ..?

## ક્રિકેટરો મેચ જીત્યા પણ વિરોધાભાસી માહોલ




પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ હોય ત્યારે ક્રિકેટપ્રેમીઓનો રોમાંચ પરાકાષ્ટાએ હોય છે. પણ, તાજેતરમાં રમાયેલા ભારત પાકિસ્તાન મેચમાં રોષ-મિશ્રીત રોમાંચક જોવા મળ્યો હતો. ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ આ મેચ સામે નાખુશ હતા.

મેચમાં પાકિસ્તાનને ભારતે સરળતાથી ધૂળ ચાટતું કરી દીધું, શાનદાર જીત મેળવી પણ જીતેલા ક્રિકેટરો લોકોના હૈયે વિલન બનીને ઊભર્યા હતા. આ વખતના મેચ પૂર્વે ભારતમાં મેચ વિરોધી માહોલ સર્જાયો હતો. રાક્ષસી આતંકી હુમલા બાદ પાકિસ્તાન સાથે તમામ સંબંધો સ્થગિત છે. સરકાર વારંવાર કહે છે કે, ઓપરેશન સિંદૂર હજુ ચાલું જ છે.

સરહદી તણાવ-યુદ્ધ જેવા માહોલમાં દુશ્મન દેશો સામે ક્રિકેટ સંબંધ પણ રહેવો પણ ન જોઈએ, આવું કરોડો ભારતીયો માને છે. પહેલગામ ખાતે થયેલા રાક્ષસી હુમલામાં મૃત્યુ પામેલા લોકોના સ્વજનોએ પણ મીડિયા સમક્ષ કહ્યું કે, આ મેચ રમવો મૃતકોના અપમાન સમાન છે.


મેચ અંગે પ્રચંડ વિરોધ ઉઠતા ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે ખુલાસો કરવો પડ્યો હતો. બીસીસીઆઇના સચિવ દેવજીતે વિચિત્ર તર્ક આપતા કહ્યું હતું કે, આ મેચનો બહિષ્કાર કરીએ તો ભવિષ્યના બહુરાષ્ટ્રિય ટૂર્નામેન્ટમાં આપણી નકારાત્મક છાપ ઉપજશે. આ નિવેદનનો અર્થ એ થાય છે કે, ભારતના ક્રિકેટહિતને નુકસાન થશે.

સવાલ એ સર્જાય છે કે, ક્રિકેટહિત મહત્વનું કે રાષ્ટ્રહિત? કરોડો ભારતીયો આવું માને છે કે, પાકિસ્તાન સામે ભલે જીત્યો પણ ભારત હિત-પરાજીત થઇ ગયું છે.


આ તર્કમાં દમ છે. પાકિસ્તાન સાથે ભારતના પરંપરાગત વ્યવસાઇ સંબંધો છે. રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપીને અસંખ્ય વ્યાપારીઓએ વ્યવસાયીક સંબંધો તોડી નાખ્યા છે. વ્યવસાયી બલીદાન ઓછું ન ગણી શકાય. પાકિસ્તાન સાથેના સંબંધો તૂટતા અનેક ભારતીય વ્યવસાયો માટે અસ્તિત્વનો સવાલ સર્જાયો છે. મોટું બલીદાન આપીને પણ આ વ્યવસાયો રાષ્ટ્રહિતને પ્રાધાન્ય આપીને ચૂપ છે. ઘણાં પરિવારોના સામાજિક સંબંધોનો ભોગ લેવાયો છે. આ પરિવારો પણ રાષ્ટ્રહિતમાં સહન કરે છે.

આ માહોલમાં બીસીસીઆઇ માત્ર ક્રિકેટહિતનો જ વિચાર કરે અને શાસકો તેને મંજુર રાખે તો સ્વાભાવિકપણે સવાલો સર્જાય. ક્રિકેટ આટલું બધું મહત્વનું ક્ષેત્ર બની ગયું છે કે, રાષ્ટ્રહિતના ભોગે ક્રિકેટહિતને પ્રાધાન્ય આપવું પડે?

નિતી વિષયક બાબતોનો આ મહત્વનો અને ગંભીર પ્રશ્ન છે. બીસીસીઆઇ તો વ્યવસાયી સંસ્થા બની ગઇ છે. ભારત સરકારે આ અંગે ગંભીરતાથી વિચારવું જ પડશે. મોદી સરકારની પાકિસ્તાન મુદ્દે નીતિ સ્ટ્રોંગ જ છે. પરંતુ, ક્રિકેટ માટે સરકારી વલણ અપાચ્ય છે.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# વકફ કાયદા પર પ્રતિબંધ મૂકવાનો સુપ્રીમનો ઈનકાર

## કેટલીક કલમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના પર ઘણા મુસ્લિમ નેતાઓએ ખુશી વ્યક્ત કરી

નવીદિલ્હી, તા. ૧૫

સુપ્રીમ કોર્ટે વકફ (સુધારા) કાયદાને પડકારતી અરજીઓ પર પોતાનો વચગાળાનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સમગ્ર કાયદા પર પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. જોકે, કેટલીક કલમો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેના પર ઘણા મુસ્લિમ નેતાઓએ ખુશી વ્યક્ત કરી છે. શરૂઆતથી જ આ કાયદાનો વિરોધ કરી રહેલા કોંગ્રેસના સાંસદ ઇમરાન પ્રતાપગઢીએ કોર્ટના આ નિર્ણય પર ખુશી વ્યક્ત કરી છે. આવી સ્થિતિમાં, ચાલો સમજીએ કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય મુસ્લિમો માટે રાહત છે કે બીજું કંઈક? ભારતના મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે આજે વચગાળાનો આદેશ પસાર કર્યો છે. કોર્ટે સ્વીકાર્યું કે સમગ્ર સુધારા પર પ્રતિબંધ મૂકવાનો કોઈ કેસ નથી, પરંતુ કેટલીક જોગવાઈઓ પર પ્રતિબંધ મૂક્યો છે. આમાં કલમ ૩ (c), ૩ (d), ૩ (e) શામેલ છે.

સુપ્રીમ કોર્ટે વકફ સુધારા અધિનિયમ ૨૦૨૫ ની જોગવાઈ પર પ્રતિબંધ મૂક્યો છે, જે મુજબ વકફ બનાવવા માટે વ્યક્તિ ૫ વર્ષ માટે ઈસ્લામનો અનુયાયી હોવો જરૂરી હતો. આ જોગવાઈ ત્યાં સુધી સ્થગિત રહેશે જ્યાં સુધી રાજ્ય સરકારો કોઈ વ્યક્તિ ઈસ્લામનો અનુયાયી છે કે નહીં તે નક્કી કરવા માટે નિયમો ન બનાવે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે શક્ય હોય ત્યાં સુધી, વકફ બોર્ડના મુખ્ય કાર્યકારી અધિકારી મુસ્લિમ હોવા જોઈએ. કોર્ટે આ અંગે કોઈ આદેશ આપ્યો નથી. તેના બદલે, તેણે પોતાનું સૂચન આપ્યું છે. આ સાથે, બોર્ડના કુલ ૧૧ સભ્યોમાંથી, ૩ થી વધુ બિન-મુસ્લિમ સભ્યો નહીં હોય. આને રાહતનો નિર્ણય પણ માનવામાં આવી રહ્યો છે. જ્યારે કાઉન્સિલમાં ૪ બિન-મુસ્લિમ સભ્યો રાખવાની મંજૂરી આપવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે વકફ મિલકતોની ફરજિયાત નોંધણી પર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો છે, કારણ કે આ પાસું અગાઉના કાયદાઓમાં પણ હાજર હતું. કોર્ટે કહ્યું કે તેણે તેના આદેશમાં આ પાસા પર ધ્યાન આપ્યું છે. સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે કલેક્ટર અથવા કારોબારી મિલકતના અધિકારો નક્કી કરવાની મંજૂરી નથી. કોર્ટે કહ્યું કે જ્યાં સુધી કલમ ૩(c) હેઠળ વકફ મિલકત પર અંતિમ નિર્ણય વકફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ દ્વારા લેવામાં ન આવે ત્યાં સુધી, વકફ મિલકતમાંથી ખાલી કરવામાં આવશે નહીં. આ સાથે, કોર્ટના નિર્ણય સુધી મહેસૂલ રેકોર્ડમાં કોઈપણ પ્રકારની છેડછાડ કરવામાં આવશે નહીં. એટલે કે, હવે ફક્ત કલેક્ટરનો નિર્ણય એ સાબિત કરશે નહીં કે મિલકત વકફ છે કે નહીં. આ બધી જોગવાઈઓ છે, જેના વિશે કાયદો અમલમાં આવ્યો ત્યારથી વિવાદ હતો. હવે જ્યારે સુપ્રીમ કોર્ટે આના પર વચગાળાનો સ્ટે મૂક્યો છે, ત્યારે મુસ્લિમ પક્ષ તેને રાહત તરીકે જોઈ રહ્યો છે.

# રાજકીય પક્ષો પર POSH એક્ટ લાગુ નહીં થાય

## સુપ્રીમ કોર્ટમાં રાજકીય પક્ષોમાં પણ પોશ એક્ટ લાગુ કરવાની કરાઇ હતી માંગ : કોર્ટે કર્યો ઈનકાર

નવીદિલ્હી, તા. ૧૫

મહિલાઓની સુરક્ષા માટે ઓફિસમાં પોશ એક્ટ લાગુ પડે છે. આ એક એવો કાયદો છે જે મહિલાઓને કાર્યસ્થળ પર જાતીય સતામણીથી રક્ષણ આપે છે. સુપ્રીમ કોર્ટમાં રાજકીય પક્ષોમાં પણ પોશ એક્ટ લાગુ કરવાની માંગ કરવામાં આવી હતી. જોકે, કોર્ટે આ અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. કોર્ટે કહ્યું કે રાજકીય પક્ષોને કાર્યસ્થળ તરીકે ગણી શકાય નહીં અને તેમના સભ્યોને કર્મચારી ગણી શકાય નહીં. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચ, જેમાં ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને એન. વી. અંજારિયા પણ સામેલ હતા, તેમણે કહ્યું કે જો રાજકીય પક્ષોને કાર્યસ્થળ તરીકે ગણવામાં આવે તો તે પેન્ડોરા બોક્સ ખોલવા જેવું હશે.

કોર્ટે કહ્યું કે, તમે રાજકીય પક્ષને કાર્યસ્થળ તરીકે કેવી રીતે જાહેર કરી શકો છો? શું ત્યાં કોઈ નોકરી છે? જ્યારે તમે કોઈ પક્ષમાં જોડાઓ છો, ત્યારે તમને નોકરી મળતી નથી કે તમને તમારા કામ માટે પગાર મળતો નથી. કોર્ટ એડવોકેટ યોગમાયા



એમ.જી. દ્વારા દાખલ કરાયેલી ખાસ રજા અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજી ૨૦૨૨ ના કેરળ હાઈકોર્ટના ચુકાદાને પડકારે છે જેમાં કહેવામાં આવ્યું હતું કે રાજકીય પક્ષોને POSH કાયદા હેઠળ આંતરિક ફરિયાદ સમિતિ (ICC) બનાવવાની જરૂર નથી કારણ કે પરંપરાગત અર્થમાં પક્ષના સભ્યોને કર્મચારી ગણવામાં આવતા નથી.

અરજદાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ દલીલ કરી હતી કે POSH કાયદામાં કોઈપણ સંસ્થા - જાહેર કે ખાનગી - માટે કોઈ અપવાદ નથી. રાજકીય પક્ષોને બાકાત રાખવાથી મહિલાઓ સંવેદનશીલ બને છે. આ હોવા છતાં, કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે રાજકીય પક્ષોને કાર્યસ્થળો સાથે સરખાવી શકાય નહીં. CJIની આગેવાની હેઠળની બેન્ચે કેરળ હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપતા હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે આવો અપવાદ મનસ્વી, ભેદભાવપૂર્ણ અને બંધારણની કલમ ૧૪, ૧૫, ૧૯ અને ૨૧નું ઉલ્લંઘન કરે છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે મહિલાઓ - ભલે તે સ્વયંસેવકો હોય, પ્રચારકો હોય, ઇન્ટર્ન હોય કે ગ્રાસરૂટ વર્કર્સ હોય - અસુરક્ષિત વાતાવરણમાં કામ કરે છે અને તેમની પાસે કોઈ ઔપચારિક ફરિયાદ નિવારણ પદ્ધતિ નથી. આવા રક્ષણનો મનસ્વી ઇનકાર કાયદાના હેતુને જ નકારે છે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે રાજકીય પક્ષોને POSH કાયદાની કલમ હેઠળ નોકરીદાતા જાહેર કરવામાં આવે. બધા રાજકીય પક્ષો માટે ICC ની રચના ફરજિયાત હોવી જોઈએ.

# મેચ ભારત જીતી જોલી પાક.ની છલકાણી : AAP

## આમ આદમી પાર્ટીની સાથે કોંગ્રેસે પણ BCCI અને ભારતીય ટીમ પર લગાવ્યા અનેક આરોપો કહ્યું તે મેં મેચ જ નહોતો રમવો જોઈતો

નવીદિલ્હી, તા. ૧૫

એશિયા કપ ૨૦૨૫ માં, ભારતીય ક્રિકેટ ટીમે તેના હરીફોને ૭ વિકેટથી હરાવ્યું. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવેએ આ જીત સેનાને સમર્પિત કરી છે. તેમણે પહેલગામ હુમલામાં માર્યા ગયેલા લોકોને પણ યાદ કર્યા છે. છેલ્લા ઘણા દિવસોથી આ મેચને લઈને દેશમાં ઘણો વિરોધ થઈ રહ્યો હતો. મેચમાં પાકિસ્તાનને કારમી હારનો સામનો કરવો પડ્યો હોવા છતાં, વિરોધ શમ્યો નહીં. કોંગ્રેસ, શિવસેના અને આમ આદમી પાર્ટી (AAP) એ BCCI સહિત કેન્દ્ર સરકારને ઘેરી લીધી છે. પાકિસ્તાનને હરાવ્યા બાદ, શિવસેનાના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે BCCI ટીમ જીતી ગઈ છે અને PCB કોથલીમાં આવક વધી છે. તે મુરિદકે આતંકવાદી ઠેકાણાને ફરીથી બનાવવામાં મદદ કરશે જે આપણા વાયુસેના દ્વારા નાશ પામ્યું હતું. કરશે. ભારત સરકારનો આભાર કે તેમણે અમને યાદ અપાવ્યું કે આપણી પાસે કરોડરજ્જુ નથી.

આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે ભાજપના નેતા અમિત માલવિયાના ટ્વિટને રીટ્વીટ કર્યું અને કહ્યું કે ચાર મહિના પહેલા, ૫૯ ભારતીય નેતાઓએ ૩૨ દેશોની મુલાકાત લીધી હતી અને કહ્યું હતું કે આખી દુનિયા પાકિસ્તાનને અલગ કરી દેવું જોઈએ અને તેને આતંકવાદી રાજ્ય માનવું




જોઈએ. આજે ભારતની એ જ ભાજપ સરકારે પાકિસ્તાનને ક્રિકેટ રમીને કરોડો રૂપિયા કમાવવામાં મદદ કરી, જેના કારણે આખી દુનિયાને સંદેશ મળ્યો કે પરિસ્થિતિ હવે સામાન્ય થઈ ગઈ છે. દુનિયા તમને આતંકવાદી દેશ સાથે મેચ રમવા માટે કહી રહી છે. ભારત સરકારના આ નબળા ધોરણને જોઈને આખી દુનિયા આપણા પર હસશે.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે કહ્યું, 'આ કેવી બેશરમી છે? પહેલગામના ૨૬ પીડિતો કે પૂંચના ૧૭ પીડિતો કે જેમણે આ દેશની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું, બહાદુરોના પરિવારો સામે આ બેશરમી દલીલ રજૂ કરવાનો પ્રયાસ કરો. તેમણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ધનવાન બનાવવા સિવાય બીજું શું પ્રાપ્ત કર્યું?' હકીકતમાં, અમિત માલવિયાએ ટ્વીટ કર્યું, 'શાબાશ ટીમ ઈન્ડિયા, પાકિસ્તાનને હરાવ્યા પછી, ભારતીય ટીમ હરેલી ટીમ સાથે હાથ મિલાવવા પણ આવી ન હતી. સૌથી સારી વાત એ છે કે કેપ્ટન સૂર્યકુમાર યાદવે પહેલગામ આતંકવાદી હુમલાના પીડિતોના પરિવારો સાથે છે. તેમની સાથે એકતા વ્યક્ત કરી. તેમણે આ વિજય ઓપરેશન સિંદૂર દરમિયાન આપણા સશસ્ત્ર દળોની બહાદુરીને સમર્પિત કર્યો અને તેમને અમને સોંપ્યા. પ્રેરણા આપતા રહેવા વિનંતી કરી.

ભારતીય ક્રિકેટરો દ્વારા પાકિસ્તાની ક્રિકેટરો સાથે હાથ મિલાવવાના ઇનકાર અંગે કેન્દ્રીય સમિતિના મંત્રી ચિરાગ પાસવાને કહ્યું, 'જો તમે કોઈની સાથે હાથ મિલાવી રહ્યા છો અને તે જ લોકો તમારા પરિવારના લોકો છે. તેમના પર હુમલો કરી રહ્યા છે અને તેમને મારી રહ્યા છે, તો આવા ચિત્રો ચોક્કસપણે તેમની લાગણીઓને ઠેસ પહોંચાડશે. નુકસાન પહોંચાડી શકે છે... રમત રમવાની હતી, અને અમારા ખેલાડીઓએ તેનો સમાન રીતે આદર કર્યો અને તે જ ભાવનાથી રમ્યા. જીતેન, અમારા ખેલાડીઓએ ચોક્કસપણે તે પીડિતો પ્રત્યે સાચો આદર દર્શાવ્યો છે.



# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## ચિંતનની ક્ષણે

### સર્વભૂતહિતે રતા : એ ઉક્તિ મુજબ પ્રાણીમાત્રનાં હિતનું વિચારીને યોગી થઈ શકાય



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ.આજે ગીતાનાં જ્ઞાનથી જીવન સંવારીએ. લભન્તે બ્રહ્મનિર્વાણમૃષયઃ ક્ષીણકલ્મષાઃ છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ. માનવ માત્રના શરીરની અંદર લાભ મેળવવાની એક વૃત્તિ રહેલી છે, પછી તે નાનામાં નાનો મનુષ્ય હોય કે કરોડો પતિ હોય તે, શુભ કરતાં લાભનું વધારે વિચારે છે. એટલે કે વ્યક્તિગત ફાયદો થતો હોય એને આપણે લાભ કહીએ, અને જેમાં પોતાની સાથે સાથે બીજાનો પણ લાભ સમાયેલો હોય, એવી ઈચ્છા રાખવી એને શુભ કહેવામાં આવે છે. સમગ્ર જીવસૃષ્ટિમાં આ ભાવ વ્યાપ્ત છે, અને કોઈ કોઈ જે આ લાભની વૃતિ છોડીને શુભ મંગલનું વિચારે છે, એ બધા જ યોગીજન છે, મુનિજન છે, ઋષિ છે, પછી એનો પહેરવેશ ગમે તે હોય, ધર્મ ગમે તે હોય, અને એની રહેણી કહેણી પણ જે હોય તે, પણ તે મુનિ છે, એવું ભગવાન સ્વયમ ગીતામાં કહે છે. પરંતુ લાભ ન છોડી શકવા માટેના ઘણા કારણો છે, અને એ વાત આજે આપણને ભગવત ગીતાનાં પાંચમા અધ્યાયનાં ૨૫ માં આ શ્લોક દ્વારા ભગવાન કરે છે,કે જેમના સઘળા પાપ નષ્ટ થઈ ચૂક્યા છે, જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે, જે સર્વ પ્રાણીઓના હિતમાં રત છે, તેમજ જેમનું જીતાયેલું મન નિશ્ચળ ભાવે પરમાત્મામાં સ્થિત છે, એવા બ્રહ્મવેતા માણસો શાંત બ્રહ્મને પામે છે.

આ શ્લોકનો ભાવાર્થ સીધો સાદો છે, પરંતુ લાભ છોડવા માટે થઈને આમાંના ચાર શબ્દનો ભાવાર્થ સમજવા જેવો છે.

ક્ષીણકલ્મષા : કલમ્ષ એટલે પાપ અને જેનાં પાપ ક્ષીણ થઈ ગયા તે યોગી, પાપનો રંગ કાળો છે માટે અહીં કલમ્ષ શબ્દ વપરાયો છે. આપણે વ્યવહારમાં પણ કાળા કામ કરનારો એવો શબ્દ પ્રયોગ કરતા હોઈએ છીએ. મનુષ્યના પાપ ત્રણ પ્રકારે ક્ષીણ થાય છે. ૧)ભોગવી લેવાથી(૨) ઈશ્વર કે સદગુરુની કૃપાથી અને(૩) પરમના જ્ઞાનથી. જે રીતે પાપ ક્ષીણ થાય તે રીતે જીવીને યોગી થવું, પાપી મનુષ્ય ક્યારેય બ્રહ્મ નિર્વાણને પ્રાપ્ત કરતો નથી, એ વાત ખાસ યાદ રાખવી. પહેલાના સમયમાં લોકોની સહનશક્તિ બહુ હતી, અને એટલે લોકો પાપ ભોગવીને પાપને ક્ષીણ કરી શકતાં હતાં. પરંતુ હાલ અંદર બહાર બંનેની પ્રકૃતિ તીવ્ર અને તપ્ત હોવાથી એ શક્ય નથી, કે નથી એટલી ધીરજ! તો આપણી પાસે માત્ર બે માર્ગ બચે છે. એક ઈશ્વર કે સદગુરુની કૃપા પ્રાપ્ત કરવાનો, અને બીજો જ્ઞાનનો. સાંપ્રત સમયમાં આપણું જ્ઞાન પણ અહમથી મુક્ત રહી શકતું નથી, અને મોટે ભાગે જ્ઞાનને નામે કંઈ પણ હાંસલ કર્યું ન હોય, છતાં આપણે અહમ કરતાં હોઈએ છીએ. એટલે આપણી પાસે માત્ર એક જ માર્ગ બચે છે, અને એ છે કૃપાનો, તો આપણને એમ થાય કે આપણે કૃપા કઈ રીતે પ્રાપ્ત કરી શકીએ! આપણી તો એવી કોઈ લાયકાત નથી. કૃપા માત્ર ને માત્ર શરણાગત થવાથી જ પ્રાપ્ત થાય છે. આપણા ભૂત ભવિષ્ય વર્તમાન કાળનાં તમામ કર્મો ઈશ્વર ચરણે કે સદગુરુને ચરણે રાખી દેવાથી, શરણાગત બનીએ તો કૃપા પ્રાપ્ત થાય!; પરંતુ એમાં પણ ભરોસો ન્હોય તો કલમ્ષ ક્ષીણ થતાં થતાં રહી જાય.

છિન્નદ્વૈધા : આમ તો આપણે રહ્યા ભોગી અને સંસારી જીવ એટલે ઈશ્વર અનુસંધાન નામે કોઈ એવી સાધના આપણાથી થતી નથી. પણ ક્યારેક કોઈ એક વાત પર સંમત થઈએ, અને ઈશ્વર અનુસંધાન શરૂ થાય, તો એને સાધના કહેવાય છે. પરંતુ સાધના નામે પણ આપણા મનમાં બહુ મોટી ભ્રમણા છે, એટલે કે જે જટિલ અને અઘરું છે, એ જ સાધના છે! પણ હકીકતમા એ ભૂલ છે. ઈશ્વરનાં સાધના કાળ દરમિયાન મનુષ્યના માનસમાં દ્વિધા નામે એક બહુ મોટો શત્રુ સંતાયેલો હોય છે. દ્વિધા એટલે આ સાચું? કે આ સાચું? આ કરું ? કે આ કરું ? અથવા એક પણ ના કરું? આવી દ્વિધા સાધન અને સાધ્ય વચ્ચે વારંવાર થતી હોય તો જે મનુષ્ય, એ દ્વિધાને છિન્નભિન્ન કરી નાખે, એટલે કે એ વિશે વિચારીને પોતાનો સમય તેમજ સ્વભાવ બગાડે નહીં તે મુનિ છે! તે યોગી છે. આપણી સાધના પદ્ધતિ ઉપર પૂર્ણ નિષ્ઠા હોય તો દ્વિધાનો કોઈ અવકાશ રહેતો નથી.

યતાત્માન : યત્ન કરનારો. યત્ન કરે તેને યતિ કહેવાય. યત્ન એટલે આમ તો પરિશ્રમ અથવા તો પ્રયત્ન કરવાં વાળો, પણ આપણે અહીં તેનો અર્થ સાધના કરી શકીએ. સાધનાનો ત્યાગ કદી પણ કરાય નહિ, એટલે કે અધૂરું છોડી દેવાય નહીં. સાધના જ સાધકને તારનારી છે, સાધના થકી જ સાધક ઈશ્વર નજીક પહોંચે છે, સત્ય નજીક પહોંચે છે, પ્રેમ નજીક પહોંચે છે, અને કરુણા નજીક પહોંચે છે. પછી ધીરે ધીરે એ ત્રણે ભાવને હૃદયમાં સમ રાખીને, ઈશ્વર તત્વની પ્રતીતિ એવમ અનુભૂતિ પણ કરે છે. માટે જ યતાત્માનઃ એટલે વિવેકપૂર્વક યત્ન કરનારો મુનિ છે.

સર્વભૂતહિતે રતા : હવે જે વિશેષણ લખ્યું છે તે બહુ જ મહત્ત્વનું છે. તે પ્રાણીમાત્રના હિતમાં રત રહેનારો હોય.

'સર્વભૂતેહિતે રતા' : એ નાનકડી સૂક્તિ છે. જે ભૂખ્યાને ભોજન આપે, તરસ્યાને પાણી આપે, રક્ષણ આપે, નિર્ભયતા આપે, રોજી, રોટી, આવાસની વ્યવસ્થા કરાવે, ઔષધિ આપે. જે જીવનનાં સળગતાં પ્રશ્નોને ઉકેલી આપે તે માટે ઝઝૂમવું પડે, તો ઝઝૂમે એવી સક્રિય દયા કરનારને સર્વભૂતહિતે રતા કહેવાય. ગીતા અહીં માનવતાવાદી અભિગમ બતાવે છે. માનવતા વિનાનો ધર્મ એ મડદું છે, અને માનવતા વિનાનું અધ્યાત્મ સુગંધ વિનાનું ફુલ છે. એ સમયમાં તો વધુ ધર્મ સંપ્રદાય હશે કે કેમ એ આપણે જાણતા નથી, પરંતુ સાંપ્રત સમયમાં આ નાનકડું એવું એક સૂત્ર સર્વધર્મને એક કરવા માટે પર્યાપ્ત છે. કારણ કે ગમે તે ધર્મનો હોય, પણ તે છે તો મનુષ્ય જ! અને અહીં સર્વનાં હિત માટે જે પ્રયત્નશીલ રહે છે તે મુનિ છે, તે યોગી છે, તે ઋષિ છે, એવું સ્વયમ ભગવાને કહ્યું છે. ત્યારે આપણે ધર્મનો ભેદ પણ શું કામ રાખવો! અને સનાતનની પરંપરામાં એટલે જ તો સર્વનાં હિતની કામના છે. ઉપરના ત્રણ શબ્દ મુજબ આપણે યોગી કે મુની થઈ શકીએ કે કેમ? એ એક સવાલ ઉભો થાય છે. પરંતુ સર્વના હિતનું વિચારીને આપણે યોગી થવું સહેલું છે, કારણ કે આમાં આપણે આપણાં ભોગ ત્યજવાનાં નથી. બસ આપણા મનમાં જે જે ભોગની કામના રહેલી છે, એ અન્ય માટે પણ ઉપલબ્ધ થાય, એવી કામના કરવાની છે! જો મનમાં રાગદ્વેષ કે ઈર્ષા હશે તો આવી કામના નહીં થઈ શકે! બાકી તો હું જમું એવું જ બીજાને પણ મળે, કે પછી ભાગમાંથી ભાગ પાડવો એ ભાવ રાખવો એ એટલું અઘરું નથી. તો હાલ જે વર્તમાન સમય છે, એ અનુસાર આપણે જો યોગી બનવું હોય તો એક તો કૃપા થી બની શકાય ! અને બીજું સર્વભૂતહિતે રતાઃ એ સૂત્ર મુજબ સર્વના હિતનું વિચારીને આપણે યોગી કે મુની બની શકીએ. સ્વયંમ ભગવાન યોગ યોગેશ્વર શ્રીકૃષ્ણે અર્જુનને આ માર્ગ ચીંધ્યો છે. પણ આપણી દ્વિધા તો જુદી છે, આપણે મુનિ કહેવડાવુ છે, બનવું નથી!ઃ માટે આ સીધીસાદી વાતો આપણને સમજાતી નથી, અને જીવન આમ જ ચાલ્યું જાય છે, પણ હજી પણ કંઈ મોડું થયું નથી! ઉપર બતાવેલ માર્ગ પ્રમાણે આપણે યોગી કે મુનિ થઈ જીવન સંવારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### સાયબર ક્રાઇમ પોલીસ ઢોલનગારા વગાડીને કહે છે કે આ ફ્રોડ છે, દૂર રહો પણ લોકો સમજતા નથી

# ક્રિપ્ટોના નામે ૪૦ ટકા નફો લેવા જતાં ગુમાવ્યા ૧૩ાા લાખ

## વ્હોટ્સએપ પર યુવાનને મેસેજમાં લિંક આવીઃ લલચાઇને એકાઉન્ટ ખોલાવ્યુંઃ રોકાણ કર્યું તો ૨૬ લાખનો નફો બતાવાયોઃ પણ રકમ વિડ્રો ન થઇ

રાજકોટ, તા. ૧૫

રોજબરોજ શેરબજાર અને બીટ કોઇન તેમજ ક્રિપ્ટો કરન્સીના નામે કોઇને કોઇ છેતરાઇ જતું હોય છે. આવી ઘટના રાજ્યભરમાં સતત બની રહી છે. લાલચમાં નહિ આવવા સાયબર ક્રાઇમ પોલીસ સતત સમજાવતી રહે છે. છતાં લોકો જાગૃત થતાં ન હોવાથી લાખો કરોડો ગુમાવી દે છે. વધુ એક કિસ્સામાં એક યુવાન ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે કમાણી કરવા જતાં સાડા તેર લાખ ગુમાવી દીધા હતાં. વ્હોટ્સએપ મેસેજમાં લિંક મોકલી ભેજાબાજોએ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતાં. બીજી ઘટનામાં કંપનીએ બોંતેર લાખની છેતરપીંડી આચરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો બગોદરાના ધોળકા તાલુકાના યુવક સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે, જેમાં તેણે ૧૩,૫૯,૯૦૦નું નુકસાન થયું છે. આ ઘટના અંગે ધોળકા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ધોળકા તાલુકામાં રહેતા અને બાવળાની કંપનીમાં નોકરી કરતા રવિ ભરતભાઈ ત્રિવેદીના મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી વાટ્સએપ મેસેજ આવ્યો હતો, જેમાં મીન્ટ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાથી ૩૦થી ૪૦ ટકા નફો થશે તેવી લાલચ આપવામાં આવી હતી. આ મેસેજમાં આપેલી લિંક પર ક્લિક કરતા ટેલિગ્રામ એપમાં ખુલી હતી જેના આધારે રવિભાઈએ એક એકાઉન્ટ બનાવ્યું હતું.

આ પછી ગઠીયાઓએ રોકાણ માટે અલગ-અલગ બેંક ખાતા, ગૂગલ પે અને ફોન પે આઈડીનો ઉપયોગ કરીને કુલ ૧૩,૫૯,૯૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. પૈસા ટ્રાન્સફર કર્યા પછી રવિભાઈના મીન્ટ ક્રિપ્ટો એકાઉન્ટમાં ૨૩,૬૮,૦૦૦ જમા થયા હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. પરંતુ જ્યારે તેમણે આ પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો,




બીજા બનાવમાં ડામરના ટ્રેડર સાથે કંપનીની બોંતેર લાખની છેતરપીંડી : અગાઉ પણ નોંધાઇ હતી આવી ફરિયાદ

ત્યારે તેમનું એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવ્યું હતું. આ પછી ગઠીયાઓએ તેમને પૈસા પાછા મેળવવા માટે વધુ ૧,૦૦,૦૦૦ જમા કરાવવાનું કહ્યું હતું. આ ઘટના બાદ રવિભાઈને મિત્રો દ્વારા જાણ થઈ કે તેમની સાથે ઠગાઈ થઈ છે, જેથી તેમણે ૧૯૩૦ હેલ્પલાઇન નંબર પર ફરિયાદ નોંધાવી હતી. સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજી તરફ વડોદરાના ડામરના વધુ એક ટ્રેડર સાથે ૭૨ લાખની ઠગાઇ થઇ છે. દોઢ મહિના પહેલાં જે કંપનીઓ સામે ૮૫લાખની ઠગાઇની ફરિયાદ થઇ હતી તે જ કંપનીઓના ડિરેક્ટરો સામે હવે ૭૨.૫૦ લાખની ઠગાઇની વધુ એક ફરિયાદ નોંધાઇ છે. દવાળીપુરાની શ્રીજી સાંનિધ્ય રેસિડેન્સીમાં રહેતા કનક બીટુમિન પ્રા.લિ. ના ડિરેક્ટર આયુષ શાહે પોલીસને કહ્યું છે કે,અમે ડામરનો ધંધો કરતા હોવાથી દોઢ વર્ષ પહેલાં મુંબઇની દેવનંદન ઇન્ડ.-ા. લિ.ના પંકજ પટેલ અને અમદાવાદની વેદાંત એનર્જીના દિવ્યાંગ પટેલે મુલાકાત કરી ડામર ખરીદવાની વાત કરી હતી.જેથી અમે તેમને ૪૩.૦૨લાખનો ડામર સપ્લાય કર્યો હતો. ત્યારબાદ અમને વધુ ડામરની જરૂર હોવાથી દુબઇની કંપનીને ઓર્ડર આપ્યો હતો અને તે પેટે ૨૦ ટકા લેખે એડવાન્સ રૂપિયા૨૯.૫૦ લાખ વેદાંત એનર્જીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા.

પરંતુ ત્યારપછી ઉપરોક્ત તમામ વ્યવહારના તમામ રૂીપપયા પરત મળ્યા નથી કે દુબઇથી ડામર પણ આવ્યો નથી. જેથી ક્રાઇમ બ્રાન્ચે દેવકીનંદન ઇન્ડસ્ટ્રિઝ ના ડિરેક્ટર પંકજ નાગજીભાઇ પટેલ અને અમિષા પંકજભાઇ, રજસી ઓઇલ પ્રોડક્ટના સંચાલક દિનેશ જયપ્રકાશ મિશ્રા અને વેદાંત એનર્જી ઇન્ડિયા પ્રા.લિ.ના ડિરેક્ટર દિવ્યાંગ ભીખાભાઇ પટેલ સામે ગુનો નોંધી તપાસ ચાલુ કરી હતી. આમ વધુ બે લોકો ઓનલાઇન, ઓફલાઇન લાખોમાં છેતરાઇ ગયા હતાં.



# અવસર ગ્રુપ દ્વારા બે દિવસ વેલકમ નવરાત્રીનું આયોજન

### છેલ્લા પાંચ વર્ષથી સાંસ્કૃતિક વેલકમ નવરાત્રીનું આયોજન કરી ખેલૈયાઓને ડોલાવવામાં આવે છે આ વખતે પણ વિશેષ આયોજન

રાજકોટ, તા. ૧૫

અવસર ગ્રુપ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી સાંસ્કૃતિક વેલકમ નવરાત્રીનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે ઉત્તમ આયોજન અને ખાસ કરીને મધ્યમ વર્ગને પરવડે તેવા પાસના દર સાથે ખેલૈયાઓને તમામ વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે રંગીલા રાજકોટના ખેલૈયાઓ ઉત્સાહ સાથે સાંસ્કૃતિક વાતાવરણમાં રમી શકે તેવા વિશાળ ગ્રાઉન્ડમાં આયોજન દાંત ધરવામાં આવેલું છે આ અંગે આયોજકોએ જણાવ્યું હતું કે તેઓની પ્રાથમિકતા ખાસ કરીને ખેલૈયાઓની સુરક્ષા તથા તમામ વ્યવસ્થા તેઓને સારી રીતે મળી શકે તે મુજબની છે. એટલું જ નહીં મહિલાઓની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવતું હોય છે અને આ બાબતે આ વખતે પણ એ જ લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે ત્યારે વિરાણી હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં આયોજિત આ નવરાત્રીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ નવરાત્રી ઉત્સવમાં મોન્ટુ મહારાજ ,ઉદય ધાંધલ, વિશાલ વરુ તથા જાગૃતિ ગોહિલ પોતાના સ્વરથી ખેલૈયાઓને ડોલ આવશે ત્યારે મન મૂકીને લોકો આ નવરાત્રીમાં જમી શકે તે માટેનું વિશેષ આયોજન અવસર ગ્રુપ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે સપ્ટેમ્બર ૧૮ અને ૧૯ ના રોજ બે દિવસ વેલકમ નવરાત્રીનું આયોજન આ ગ્રુપ દ્વારા કરવામાં આવેલું છે. આયોજકો અંગે વાત કરવામાં આવે તો ભવ્ય પટેલ, સુનિલ પીપડીયા, મોહિત ખૂંટ તથા અર્જુન સગપરિયા દ્વારા ભારે જેહમત ઉઠાવવામાં આવી રહી છે હાલ બે દિવસના માત્ર ₹૧૦૦ જ પાસ નો ભાવ નિર્ધારિત કરવામાં આવ્યો છે. એક અલગ જ આયોજન ની માહિતી આપવા અવસર ગ્રુપના આયોજકો ભવ્ય પટેલ, સુનિલ પીપડીયા, મોહિત ખૂંટ, અર્જુન સગપરિયા, કેવિન ગઢીયા, રાજ હિરપરા તથા ભાવિન ગોહેલ રાજકોટ મિરરની મુલાકાતે આવ્યા હતા અને સમગ્ર આયોજન અંગે વાર્તાલાપ કર્યો હતો.

### અયોધ્યા ચોક અને રેલનગરમાં રૂરલ એસપી કચેરીના નિવૃત ક્લાર્ક સહિત બે વૃધ્ધને છેતરી લેવાયા હતાં

# સાધુના વેશમાં ગઠીયાગીરી કરી ભાગેલી ટોળકીના બે પકડાયા

## ગાંધીગ્રામ-પ્ર.નગર પોલીસમાં નોંધાયેલા ગુના ડિટેક્ટ : વધુ એક ગઠીયાની શોધખોળ

રાજકોટ, તા. ૧૫

ચાર દિવસ પહેલા શહેરના અયોધ્યા ચોક અને રેલનગરમાં સાધુના સ્વાંગમાં વેગનઆર કાર લઇને આવેલા ગઠીયાઓ બે વૃધ્ધ પાસેથી એકાદ લાખની મત્તા પડાવી ગયા હતાં. આ ટોળકીના બે ગઠીયા હાથમાં આવી જતાં પુછપરછ શરૂ થઇ છે. ચારેક દિવસ પહેલા અયોધ્યા ચોક ડાયમંડ પ્લસ એપાર્ટમેન્ટમાં રહેતાં રૂરલ એસપી કચેરીના નિવૃત ક્લાર્ક પ્રફુલભાઇ નટવરલાલ વસાણી નામના વૃધ્ધને તેઓ મોર્નીંગ વોકમાં નીકળ્યા તયારે એક કારમાં આવેલા સાધુ જેવા ત્રણ શખ્સોએ ઉભા રાખ્યા હતાં. જેમાં ડ્રાઇવરે તેમને નજીક બોલાવી કારમાં ગુરૂજી છે અયોધ્યાથી આવીઅ છીએ ગુરૂજીને આરામ કરવો છે.



આ પછી આ શખ્સે આજુબાજુમાં કોઈ આશ્રમ છે? તેમ પુછી બાદમાં વાતચીત કરી સાધુના સ્વાંગમાં રહેલા આ શખ્સે વૃધ્ધને રૂ. પાંચસોની નોટ આપી હતી અને આ નોટમાંથી ગાયને ઘાસ ખવડાવજો અને જે રકમ વધે તે રાખજો તમારા સપના પૂરા થશે તેવી વાતો કરી બાદમાં તેમની પાસેથી ઘડિયાળ, મોબાઇલ અને ચેન માંગી પરત આપી દીધા હતા. ત્યારબાદ સોનાની વીંટી-ચેઈન વૃદ્ધએ આપતા જ આ ત્રણેય શખ્સો ભાગી ગયા હતાં. આવી જ રીતે એ જ દિવસે બીજી ઘટનામાં રેલનગર વિસ્તારમાં રહેતાં પ્રિતમદાસ લાલચંદ થડાણી નામના વૃધ્ધ વોકિંગ પર જતા હતા ત્યારે કાર તેમની પાસે આવી હતી અને તેમની સાથે વાર્તાલાપ કરી રૂપિયા ૫૦૦ની નોટ આપી સોનાની વીંટી માંગી હતી. વીંટી આપતા ત્રણેય નાસી ગયા હતા.

આ મામલે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. આ બંને ઘટનાનો ભેદ ઉકેલવા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી બી.બી.બસીયાના માર્ગદર્શન હેઠળ પીઆઇ સી.એચ.જાદવ તથા તેમની ટીમ તેમજ એલસીબી ઝોન-૨ ના પીએસઆઇ આર.એચ. ઝાલા તથા તેમની ટીમ અને ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઇ એસ. આર.મેઘાણી તથા તેમની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસને અંતે બે ગઠીયા હાથમાં આવી ગયા છે. ઝડપાયેલામાં એક દેહગામનો છે અને બીજો વાંકાનેર તરફનો છે. તેણે છળકપટથી મેળવી લીધેલા દાગીના પણ પોલીસે કબ્જે કરવા તજવીજ હાથ ધરી છે. બાકીના સાગ્રીતનું નામ જાણવા તેને પકડી લેવા પોલીસ તપાસ કરી રહી છે.

# પાકિસ્તાન પરના વિજયની ઠેરઠેર ઉજવણી

## થોરાળામાં પાકિસ્તાનની હારને પગલે બાળકે ફટાકડા ફોડતાં તેના માસીને માર ખાવો પડ્યો!

રાજકોટ, તા. ૧૫

એશીયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચનો અનેક લોકોએ વિરોધ કર્યો હતો. જો કે આ વચ્ચે દુબઇમાં મેચ રમાઇ ગયો હતો અને તેમાં ભારતે પરંપરા મુજબ પાકિસ્તાનને કારમો પરાજય આપી દીધો હતો. આની ઉજવણી અનેક લોકોએ કરી હતી. આ દરમિયાન રાજકોટના થોરાળા વિસ્તારમાં એક આઠ વર્ષના બાળકે ભારતનો વિજય થતાં ઘરમાં પડેલા ફટાકડા ફોડતાં બાજુમાં રહેતાં



મહિલાએ ડખ્ખો ચાલુ કર્યો હતો. આ ડખ્ખામાં આ બાળકના માસીને માર ખાવો પડ્યો હતો.

વિગતો જોઇએ તો નવા થોરાળામાં રહેતાં ચાલીસ વર્ષના ચેતનાબેન બળદેવભાઇ સાગઠીયાને રાતે બારેક વાગ્યે પડોશમાં રહેતાં જયાબેને લાકડી અને ઢીકાપાટુનો માર મારતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ, પ્રકાશભાઇએ જાણ કરતાં થોરાળા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ચેતનાબેન આઇટીઆઇમાં સફાઇ કામદાર તરીકે નોકરે છે. તેના સગાએ જણાવ્યું હતું કે એશીયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભારતે પાકિસ્તાનને મેચ હરાવી દેતાં ચેતનાબેનના ૮ વર્ષના ભાણેજ રાજવીરે ઘરમાં ફટાકડા પડ્યા હોઇ તે ફોડીને ઉજવણી કરી હતી.

આ કારણે પડોશી જયાબેને આ છોકરાએ ડારો દઇ માથાકુટ ચાલુ કરી આથી. આથી ચેતનાબેને આવડા છોકરાને શું ખબર પડે? એની સાથે માથાકુટ ન કરાય તેમ કહી જયાબેનને સમજાવતાં તે ઉશ્કેરાઇ ગયા હતાં અને ચેતનાબેન પર હુમલો કરી મારકુટ કરી હતી. આ બનાવે વિસ્તારમાં ચર્ચા જગાવી દીધી હતી. થોરાળા પોલીસને સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકી તરફથી જાણ થઇ હોઇ જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

### ઓનલાઇન ગઠીયા તો અજાણ્યા હોય, અમુક કિસ્સામાં વિશ્વાસુ અને જાણીતા જ ઘા કરી જાય

# કંપનીનો ડિરેક્ટર અને ઓફિસર જ બે કરોડ ગપચાવી ગયા

## બીજી એક ઘટનામાં શિક્ષકને ઘડીયાળના ધંધામાં રોકાણના નામે છેતરી લેવાયા

રાજકોટ, તા. ૧૫

અલગ અલગ પ્રકારે થઇ રહેલી છેતરપીંડીની ઘટનાઓ અટકતી જ નથી. કોઇ હજારોમાં છેતરે, કોઇ લાખોન ઉસેડી જાય તો કોઇ વળી કરોડોનો ગરીયો કરી નાંખે. અમુક કિસ્સામાં તો છેતરી જનારા પણ જાણીતા જ હોય છે. એક કંપનીમાંથી ડિરેક્ટર અને ચીફ ફાયનાન્સ ઓફિસરે મળી બે કરોડ ગપચાવી લીધા હતાં. આ મામલે પોલીસ ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી હતી. બીજી એક ઘટનામાં ઘડીયાળના ધંધામાં રોકાણ કરી કમાણી કરવાના નામે શિક્ષક સાથે ઠગાઇ થઇ હતી.

પ્રથમ ઘટના જોઇએ તો વડોદરામાં માંજલપુરની કલ્યાણબાગ સોસાયટીમાં રહેતા સંજય કુમાર રામચંદ્ર મિસ્ત્રી વાંદરા રોડ પર આવેલી એમ્સ ઓક્સિજન -ાઇવેટ લિમિટેડ કંપનીમાં ડાયરેક્ટર છે. તેમજ એમટેક વાલ સીસ્ટમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડમાં પણ ડાયરેક્ટર છે. આટલાદરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, એમ.ટેક વાલ સિસ્ટમ ઇન્ડિયા -ાઇવેટ લિમિટેડ કંપનીના માલિક અનિશભાઈ પટેલે ડિરેક્ટર આઈડેન્ટીફીકેશન નંબરના આધારે દીપક વિનુભાઈ પરમાર ની નિમણૂક કરી હતી અને કંપનીની તમામ સત્તાઓ તેમજ કંપનીનું એકાઉન્ટને લગતી કામગીરી તેમને સોંપી હતી.

ત્યારબાદ અટલાદરા બ્રાન્ચવાળા એકાઉન્ટમાંથી તેમને પોતાના પર્સનલ એકાઉન્ટમાં ૧.૫૨ કરોડ ટ્રાન્સફર કર્યા હતા તેમજ કંપનીના નામ પર બજાજ ફાઇનાન્સ લિમિટેડ માંથી ૧૫.૫૦ લાખની લોન લીધી હતી. આ ઉપરાંત




માઈન્ડ મેસ્ટ્રો પ્રાઈવેટ કંપનીમાં આઈ.ડી.એફ. સી બેંકમાંથી ટુકડે ટુકડે કરીને ૧૩.૨૦ લાખ ટ્રાન્સફર કરી અંગત ઉપયોગમાં લઈ લીધા હતા. એચડીએફસી બેન્કના ક્રેડિટ કાર્ડમાંથી ૩.૦૭ તેમજ એમ્સ ઓક્સિજન કંપનીના આઇસીઆઇઆઇ બેન્કના ક્રેડિટ કાર્ડમાંથી ૧૦.૩૯ લાખ અને એચડીએફસી બેન્કના ક્રેડિટ કાર્ડમાંથી ૬.૦૩ લાખ તેમજ એચડીએફસી બેન્કના બીજા ક્રેડિટ કાર્ડમાંથી ૮.૦૬ લાખ મળી કુલ ૨.૦૯ કરોડ ત્રણે કંપનીના ક્રેડિટ કાર્ડ તથા કંપનીના એકાઉન્ટમાંથી પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઠગાઇની બીજી ઘટનામાં સુરતના ગોપીપુરામાં કલાસીસ ચલાવતા શિક્ષકને સાથે કારીગરે મિત્રતા કેળવીને મોઝોનાઇચ ડાયમંડની ઘડિયાળના ધંધામાં સારો નફો આપવાની લાલચ આપીને રૂ.૨ લાખની ઠગાઇ કર્યાની ફરિયાદ અઠવા પોલીસમાં નોંધાઈ છે. મોમનાવાડ અશરફી ગલીમાં રહેતા નઈમુદ્દિન શેખ ટ્યુશન કલાસીસ ચલાવે છે. તેમની ઓળખાણ અભી પોરેલ સાથે થઇ હતી. અભી ઘડિયાળ બનાવવાનો કારીગર છે. એક દિવસ અભીએ પોતે મોઝોનાઇટ ડાયમંડ ઘડિયાળ બનાવીને વેચવાનો ધંધો શરૂ કરવાનો હોવાનું કહ્યું હતું, જેમાં ઘડિયાળ દીઠ ૬-૭ હજારનો નફો થવાનું કહ્યું હતું. જેથી નઈમુદ્દીન શેખે ૫ લાખ રોકવા આપ્યા હતા.

જેમાંથી અભીએ ટૂકડે ટૂકડે ત્રણ લાખ પરત કર્યા હતા જ્યારે ૨ લાખ માટે પૈસા ચુકવી આપવા કરાર કર્યો હતો. જોકે, સમય વિતી જવા છતાં ઉઘરાણી કરાતા અભીએ 'તારા રૂપિયા નથી, જે કરવું હોય તે કરી લેજે. હવેથી રૂપિયા માંગશે તો વ્યાજના પ્રકરણમાં ફસાવી દઈશ' તેવી ધમકી આપી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

### વેપારી પોતાના ધંધાના સ્થળે હતાં ત્યારે એક શખ્સે આવી પોલીસની ઓળખ આપી, ભંગાર જોઇ કહ્યું-તમે આમાંથી બોમ્બ બનાવો છો, કેસ થશે, મિડીયામાં આ બધુ આવશે

# પોલીસના નામે વેપારી પાસે તોડઃ મિત્ર જ નીકળ્યો સુત્રધાર!

### સ્ક્રેપના વેપારીને બે શખ્સે પોલીસના નામે ડરાવી રોકડ પડાવીઃ પછી વેપારીને જાણ થઇ કે તોડ કરી જનારાઓને મિત્રએ જ મોકલ્યા હતાંઃ પોલીસે ગઠીયાઓની આદરી તલાસ

રાજકોટ, તા. ૧૫

અનેક એવા ગઠીયાઓ, લેભાગુઓ હોય છે જે પોલીસ અને મિડીયા-પ્રેસના નામે બીજાને દબાવી, ડરાવી, ધમકાવી તોડ કરી જતાં હોય છે કે ખંડણી વસુલતા હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં ભંગારના એક ધંધાર્થી પોતાના ધંધાના સ્થળે મિત્ર સાથે ઉભા હતાં ત્યારે એક શખ્સ પોતે પોલીસમાં છે તેમ કહેવા માંડ્યો હતો, તેમજ તમે આ ભંગારમાંથી બોમ્બ બનાવો છો, હવે આમાં કેસ થશે, આ બધુ મિડીયામાં આવશે કહી રોકડ માંગી હતી. આ વખતે મિત્રએ આને પૈસા દઇ દો, આપણે ઘરે પ્રસંગ આવે છે ક્યાંક બદનામી થશે કહેતાં વેપારીએ રકમ આપી દીધી હતી. આ પછી ફરીથી આ કહેવાતો પોલીસમેન આવ્યો હતો અને ફરી નાણા પડાવી ગયો હતો. જો કે બાદમાં વેપારીને ખબર પડી હતી કે મિત્રએ કાવત્રુ ઘડી નકલી મિડીયામેન બોલાવી તોડ કરાવ્યો હતો!

દોસ્તની દગાખોરીની આ ઘટના પર નજર કરીએ તો વડોદરામાં યાકુતપુરાના મદાર મોહલ્લામાં રહેતા અને સ્ક્રેપનો ધંધો કરતા મહંમદ ઉવેશ મલેકે વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે હું ઇદગાહા મેદાન પાસે ગણેશ કમ્પાઉન્ડમાં એસ.કે ટ્રેડર્સ નામની ઇલેક્ટ્રોનિક્સ ભંગારનો ધંધો કરું છું. હું તથા મારો મિત્ર દિવ ઠક્કર ગોડાઉન પર હતા ત્યારે મારો અન્ય મિત્ર મોઈન આવ્યો હતો અને અમે વાતો કરતા હતા. સાંજના પાંચ વાગે બે વ્યક્તિઓ અમારા ગોડાઉન પર આવ્યા હતા. ગોડાઉનમાં પડેલું ભંગાર જોઈને કહેવા લાગ્યા કે આ ચોરીનો માલ છે. તેઓએ પૂછ્યું હતું કે આનાથી તમે બોમ્બ બનાવો છો તેઓએ જીએસટીનું બિલ તથા માલનું બિલ માંગ્યું હતું.



મેં જણાવ્યું હતું કે મારો ધંધો પાંચ લાખથી વધારે નથી એટલે જીએસટી બિલ નથી. ત્યારબાદ આ લોકો મારા ગોડાઉનમાં પડેલા માઉસ. કીબોર્ડ સર્કિટ તથા અન્ય સામગ્રીનો વિડીયો ઉતારવા લાગ્યા હતા. તેઓને પૂછતા જણાવ્યું હતું કે તમે વાડી પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી છે અને તું કોણ છે એમને પૂછવાવાળો..તું અમારો સાહેબ છે? ત્યારબાદ એક વ્યક્તિ બેગમાં કેમેરો અને માઈક લઈને આવ્યો હતો અને હું પ્રેસમાં છું તેમ જણાવી ગોડાઉનમાં પડેલા સામાનનો વિડીયો ઉતારવા લાગ્યો હતો. વાતચીત દરમિયાન આરોપીએ દિનેશ કહીને અન્યને બોલાવતા મને જાણ થઈ કે તેનું નામ દિનેશ છે.

આ દિનેશ નામના વ્યક્તિએ મને કહ્યું કે તારે જો કેસની પતાવટ કરવી હોય તો પાંચ લાખ આપી દે નહિતર તને ગુનામાં ફિટ કરી દઈશ... આટલા રૂપિયા મારી પાસે નહીં હોવાનું જણાવતા તેને કહ્યું કે એક લાખ તો આપવા જ પડશે નહીંતર ગુનામાં ફિટ કરી દઈશ અને પ્રેસમાં આવશે તે અલગ. મેં મારા પિતાને ભાઈને બાબતે જાણ કરતા તેઓએ કહ્યું કે આપણા ઘરમાં બહેનના નિકાહ છે. સમાચારમાં આવશે તો આપની બદનામી થશે એટલે મેટર પૈસા આપીને તારી રીતે પતાવી દે. આથી મેં મારા ખાતામાંથી સાંઇઠ હજાર રૂપિયા ઉપાડીને આપ્યા હતા.

થોડા દિવસ પછી બીજી વખત પણ પોલીસના સ્વાંગમાં બે શખ્સે આવ્યા હતા અને મારા મિત્ર મોઇને મધ્યસ્થી કરીને મામલો પતાવ્યો હતો જે વખતે પણ મેં રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ મને જાણ થઈ હતી કે મોઈને જ આ સમગ્ર કાવત્રાનો સુત્રધાર છે. તેણે તેના મિત્રો કે જે બાઉન્સરનું કામ કરે છે તેઓની સાથે મળીને પોલીસ કેસની ધમકી આપી મારી પાસેથી એક લાખ દસ હજારપડાવી લીધા હતા! આ પછી મેં ફરિયાદ કરી હતી.

### ઉભેલા કંડકટર યુવાનના પગ વચ્ચે ટુવ્હીલર ઘુસાડી દઇ માથે જતાં માર મારી ખૂનની ધમકી દીધી!

# મારૂ નામ ભાવિન ઝરીયા...તું વધુ બોલ બોલ કરીશ તો અહિં જ તને મારી નાંખીશ!

### તલાટી મંત્રીની પરિક્ષા આપીને નીકળેલા યુવાન સાથે ગુંડાગીરી

### માલવીયાનગર પોલીસે એફઆઇઆર દાખલ કરી આરોપીને લીધો સકંજામાં

રાજકોટ, તા. ૧૫

કોણ ક્યારે કોના ઉપર કયા કારણે તૂટી પડે તે નક્કી જ નથી. રાજકોટમાં ગમે ત્યારે ગમે ત્યાં બટાઝટી બોલી જાય છે. વધુ એક બનાવમાં વઢવાણના ખેરાડી ગામે રહેતાં અને સુરેન્દ્રનગર ડેપોમાં એસટી કંડકટર તરીકે નોકરી કરતાં યુવાન રાજકોટ તલાટી મંત્રીની પરિક્ષા આપવા આવ્યો હોઇ પરિક્ષા બાદ શહેરના ગોંડલ રોડ પર પીડીએમ કોલેજ પાસે ઉભો હતો ત્યારે એક શખ્સે મારંમાર ટુવ્હીલર હંકારી તેના બે પગ વચ્ચે આવવા દેતાં તેને ધ્યાન રાખવાનું કહેતાં તેણે ગાળો દઇ માર મારી હાથ મચકોડી નાંખી માથે જતાં ખૂનની ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો માલવીયાનગર પોલીસે વઢવાણના ખેરાડી ગામે રહેતાં અને એસટી કંડકટર તરીકે નોકરી કરતાં સત્યાવીસ વર્ષના મહેન્દ્રભાઇ મનુભાઇ મોરીની ફરિયાદ પરથી ભાવીન ઝરીયા નામના શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. કંડકટર મહેન્દ્રભાઇ મોરીએ જણાવ્યું છે કે



હું સુરેન્દ્રનગર ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવુ છું. હું રવિવારે રાજકોટ ખાતે રામનગરમાં આવેલ સરોજની નાયડુ ગર્લ્સ હાઇસ્કુલમાં તલાટી કમ મંત્રીની પરીક્ષા આપવા આવેલ હતો. પરીક્ષા પુર્ણ કરી સ્કૂલેથી ચાલીને આવતો હતો અને પીડીએમ કોલેજના ખૂણે પહોંચી ત્યાં ઉભો હતો.

ત્યારે એક બાઈક ચાલક પોતાનું બાઈક ચલાવી ઘસી આવી મારા બંને પગ વચ્ચે આવવા દીધેલ હતું. જેથી તેને કહેલ કે ધ્યાનથી ચલાવો પરંતુ તે બાઈક ઉપરથી ઉતરી સીધો મને માર મારવા માંડ્યો હતો. મેં તેને રોકવાનો પ્રયાસ કરેલ પરંતુ તે માનેલ નહીં અને ઢોર માર મારવા લાગેલ હતો. તેમજ હાથ પકડીને એકદમ વાળી દીધેલ હતો. પછી ફરીથી મારું ટીશર્ટ પકડીને માર મારવા લાગેલ હતો. જેથી તેને કહેલ કે, મારો કાંઇ વાંક નથી, એક તો હું તમને સમજાવું છું અને તમે મને મારો છો કહેતાં તેણે મને કહેલ કે, બોલ બોલ કરમા નહિતર તને અહીં યા જ મારી નાંખીશ અને કહેલું કે-મારુ નામ ભાવિન ઝરીયા છે, તારે જે થાય તે મારું કરી લેજે તેમ કહી વધુ માર માર્યો હતો.

તે દરમિયાન લોકો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો અને આ શખ્સ ભાગી ગયો હતો. આ પછી મેં પોલીસને ફોન કરતાં ગાડી આવી હતી અને પોલીસે ભાવીન ઝરીયાને પકડી લીધો હતો અને મને ૧૦૮ મારફત સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો અને બાદમાં હું ખાનગી હોસ્પિટલમાં ગયો હતો. એએસઆઇ કે.બી. શેખલીયાએ ફરિયાદ દાખલ કરી કાર્યવાહી કરી હતી. આમ એક તો અકસ્માત સર્જયો હતો અને માથે જતાં વાહનચાલકે ખેલ કર્યા હતાં. પોલીસે તેને કાયદાનું ભાન કરાવ્યું હતું.

### તારી દૂકાનેથી દૂધ લઇને પીવડાવતા મારો ભાણેજ માંદો પડી ગયો કહી ભગવતીપરામાં અજાણ્યાની ધમાલ

# લુખ્ખાઓ બેલગામઃ દૂકાનમાં સળીયાથી તોડફોડ, પાણાવારી

### ટુવ્હીલરમાં ડોલ રાખી તેમાં ગડબા ભરી આવ્યો હતોઃ વેપારીને ગાળો ભાંડી દૂકાન બંધ કરાવી દેવાની ધમકી આપીઃ બી-ડિવીઝન પોલીસે ઝડપી લેવા શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૧૫

શાંત શહેર રાજકોટમાં અમુક લુખ્ખાઓને પોલીસનો જરાય ડર ન હોય તેમ ગમે ત્યાં ગમે તેની સાથે અને ગમે ત્યારે ખેલ કરી નાખતા હોય છે. તેની આવી રંજાડનો નિર્દોષ લોકો ઘણીવાર ભોગ બની જતાં હોય છે. દરમિયાન એક બનાવમાં શહેરના ભગવતીપરા સુખસાગર સોસાયટીમાં રહેતાં અને ભાગીદારીમાં સુપર માર્કેટ ચલાવતાં મુળ રાજસ્થાનના યુવાનની દૂકાને એક શખ્સે ઇલેક્ટ્રીક ટુવ્હીલરમાં આવી સળીયાથી કાચના કાઉન્ટરમાં તોડફોડ કરી બાદમાં પોતાની સાથે ડોલ ભરીને ગડબા-પાણકા લાવ્યો હોઇ તેના પણ ઘા કરી નુકસાન કરતાં અને માથે જતાં દૂકાન બંધ કરી દેવાની ધમકી આપતાં પોલીસે તપાસ આદરી હતી. દૂકાનદારે ખરાબ દૂધ આપી દીધાનો આરોપ મુકી આ બટાઝટી બોલાવાઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં બી-ડિવીજન




પોલીસે ભગવતીપરા સુખસાગર શેરીમાં અંબીકા પાર્ક સોસાયટીમાં રહેતાં ઘર સાથે જ શ્રીમાતેશ્વરી સુપર માર્કેટ નામની દૂકાન ચલાવતાં મુળ રાજસ્થાન જાલૌરના તગતસિંહ રીગડા ગામના વતની મહાવીરસિંહ તગતસિંહ રાઠોડ નામના ચોવીસ વર્ષના વેપારી યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે એફઆઇઆર દાખલ કરી તપાસ આરંભી છે. દૂકાનદાર મહાવીરસિંહ રાઠોડે જણાવ્યું છે કે હું શ્રીમાતેશ્વરી સુપર માર્કેટ નામની દુકાન ચલાવુ છું અને તેમાં જ રહુ છું. આ બંને દુકાનના માલિક રહીમખાન ઉર્ફ અનીશભાઇ પઠાણ છે. તેની સાથે હું ભાગીદારીમાં ધંધો કરુ છું. ગત બારમીએ રાતે અગીયારેક વાગ્યે હું અને મારો ભાણેજ ગોવીંદકુમાર મીણા દુકાને હતાં.

આ વખતે અજાણ્યો શખ્સ ઇલેક્ટ્રીક ટુવ્હીલર લઇને આવ્યો હતો. જે વાને ઘઉવર્ણો અને શરીરે પાતળા બાંધાનો હતો. તેણે કાળુ ટી-શર્ટ અને બ્લુ પેન્ટ તથા માટે ટોપી પહેરલ હતાં. આ શખ્સે મારી પાસે આવીને કહેલું કે-બે દિવસ પહેલા હું તારી દુકાનેથી દુધની થેલી લઇ ગયો હતો, જે દુધ પીવાને કારણે મારો ભાણેજ માંદો પડી ગયો છે. જેથી મે કહેલુ કે તમારો ભાણેજ માંદો પડ્યો હોય તો કયા દવાખાને સારવારમા છે? મને જણાવો તો હું તમારી મદદ કરવા તૈયાર છું. આ સાંભળી આ શખ્સ એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને લોખંડનો સળીયો સાથે લાવ્યો હોઇ તેનાથી મારી દુકાનના કાઉન્ટર પર ઘા ફટકારી કાચ તોડી નાંખ્યો હતો.

ત્યારબાદ તેના ટુવ્હીલર પાસે જઇ પાણકા-ગડબા ભરેલી ડોલ તે સાથે લઇને આવ્યો હોઇ તેમાંથી આડેધડ પાણકાના ઘા કરતાં મારી દુકાનના કાચ, માલસામાનમાં નુકસાની થઇ હતી. આ શખ્સે મને ધમકી પણ આપી હતી કે ત્રણ દિવસમાં તારી દુકાન બંધ કરાવી દઇશ. આ દરમિયાન લોકો ભેગા થવા માંડતા આ શખ્સ ઇલેક્ટ્રીક વાહન લઇ ભાગી ગયો હતો. બાદમાં મેં મારા ભાગીદાર રહીમખાનને ફોન કરી દુકાને આવવાનું કહેતાં તે આવી ગયા હતાં અને અમે ૧૧૨માં ફોન કરી પોલીસને જાણ કરી હતી. અજાણ્યા શખ્સે મેં ખરાબ દુધ આપ્યાનો આરોપ મુકી સળીયાથી કાચનું કાઉન્ટર તોડી નાંખી તેમજ પથ્થરમારો કરી તોડફોડ કરતાં પંદર હજારનુ નુકસાન થયું હતું. જતાં જતાં દૂકાન બંધ કરાવી નાખવાની ધમકી પણ આપી ગયો હતો. બી-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેની રાહબરીમાં હેડકોન્સ. એમ. એસ. પંડ્યાએ ગુનો નોંધતા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

તોડફોડની આ ઘટના સીસીટીવીમા કેદ થઇ છે. પરંતુ ઘા કરનારનો ચહેરો તેમાં દેખાતો નથી. વેફર ફ્રાયમ્સના પડીકા લટકતા હોઇ તેના આડે ચહેરો આવી જતો હોઇ પોલીસે અન્ય કેમેરાને આધારે આરોપીને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. આ બનાવે ભગવતીપરામાં ચકચાર જગાવી દીધી હતી.

# પાઇપ ફટકારી સાસુને લોહીલુહાણ કરતો જમાઇ

### નવા થોરાળાની ઘટનાઃ જમાઇને ગાળો બોલવાની ના પાડતાં ન ગમ્યું

રાજકોટ, તા. ૧૫

મારામારીની એક ઘટનામાં નવા થોરાળાની સર્વોદય સોસાયટીમાં રહેતાં નયનાબેન પ્રવિણભાઇ પરમાર નામના પિસ્તાલી વર્ષના મહિલાએ રાતે દસેક વાગ્યે જમાઇ વિશાલ જેઠાભાઇ વાઘેલાએ લોખંડના પાઇપથી માર મારતાં લોહીલુહાણ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. નયનાબેન પરમારે



જણાવ્યું હતું કે મારા પતિ કડીયા કામ કરી ગુજરાન ચલાવે છે. મારી દિકરી માનસી અને જમાઇ વિશાલ વાઘેલા અમારા ઘરની નજીક જ રહે છે.

રાતે ઘર પાસે જમાઇ ગાળાગાળી કરતો હતો અને તેણે નશો કર્યો હોય તેવું લાગતું હતું. મેં તેને ગાળો નહિ બોલવા સમજાવતાં ઉશ્કેરાઇ જઇ લોખંડના પાઇપથી તૂટી પડ્યો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, પ્રકાશભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે થોરાળા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે યોગ્ય કાર્યવાહી કરવા તજવીજ કરી હતી.

# DCBએ બે દરોડામાં ૯૦૦ લિટર પકડ્યો દારૂ

### મોંઘેરી કારોમાં 'દેશી'ની હેરાફેરીઃ બે શખ્સ પકડાઇ ગયાઃ મંગાવનાર, મોકલનારા સહિત ત્રણના નામ સામે આવ્યા

રાજકોટ, તા. ૧૫

મોટે ભાગે વિદેશી દારૂની બોટલોની હેરાફેરી માટે કારનો ઉપયોગ થતો હોય છે. પણ જેમ વિદેશીના ચાહકો હોય એમ દેશી ઢપકારનારાઓને પણ બૂટલેગરો માલ પુરો પાડવા મથતાં રહે છે. દરમિયાન ડીસીબીએ બે દરોડામાં મોંઘેરી કારોમાં થઇ રહેલી દેશી દારૂની હેરાફેરી ઉઘાડી પાડી બે શખ્સોને પકડ્યા હતાં. બીજા ત્રણના નામ ખુલ્યા હતાં. બંને દરોડામાં મળી સાડા નવસો લીટર દારૂ પકડી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ડીસીબી-ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે દિલીપભાઇ બોરીચા, જયરાજભાઇ કોટીલા, વિશાલભાઇ દવેને મળેલી બાતમી પરથી ભાવનગર રોડ મયુરનગર-



૧માંથી માલીયાસણના લાલજી પાંચાભાઇ ગોવાણીને ઝાયલો કાર જીજે૦૩ઇઆર-૦૧૯૮માં રૂા. ૧,૧૦,૦૦૦ના ૫૫૦ લિટર દેશી દારૂ સાથે પકડી લેવાયો હતો. તેના કહેવા મુજબ રાજકોટના ભીખુ નારણ ઉનેવાળે આ દારૂ મંગાવ્યો હતો અને ચોટીલાના સાલખડાના જયંતિ ગણદીયાએ આ દારૂ મોકલ્યો હતો. જ્યારે બીજી તરફ હેડકોન્સ. દિપકભાઇ ચૌહાણ, રાજેશભાઇ જળુ અને વિશાલભાઇ દવેની બાતમી પરથી રાજકોટ-ભાવનગર હાઇવે આરકે યુનિવર્સિટી નજીક રોડ પરથી મવડી પ્લોટ ઉદયનગર-૧ના પંકજ મોહનભાઇ મલ્લીને સ્વીફ્ટ કાર જીજે૦૩પીડી-૧૮૯૨માં રૂા. ૮૦ હજારનો ૪૦૦ લિટર દેશી દારૂ સાથે પકડી લેવાયો હતો. તેણે પુછતાછમાં ચોટીલાના સાલખડાના રામકુ કાઠીએ આ દારૂ મોકલ્યાનું કહ્યું હતું.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચનાથી પીઆઇ એમ.આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ વી. ડી. ડોડીયા, એએસઆઇ અમીતભાઇ અગ્રાવત, દિગપાલસિંહ જાડેજા, હેડકોન્સ. સંજયભાઇ રૂપાપરા, દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, કોન્સ. વિશાલભાઇ દવેએ આ બંને કામગીરી કરી હતી. આરોપી લાલજી ગોવાણી વિરૂધ્ધ અગાઉ કુવાડવા, પ્ર.નગર, ડીસીબીમાં દારૂના પાંચ ગુના અને પંકજ મલ્લી વિરૂધ્ધ માલવીયાનગર પોલીસમાં દારૂના છ ગુનામાં પકડાયો હતો. મંગાવનારા, મોકલનારાને પકડી લેવા તપાસ હાથ ધરવામાં આવી છે.

### આજે તો મારો બર્થડે છે થોડુક તો પીવુ જ પડશે કહી દારૂ પાયો, પછી કેક લેવાના બહાને અગાસીએથી નીચેના રૂમમાં લઇ જઇ દેહ પીંખ્યો

# વકિલે આચર્યુ દૂષ્કર્મઃ મિત્રની પત્નિ સાથે આચરી હવસખોરી

### તુમ કીતની ગોરી હો, મેરે સાથ મુંહ કાલા કરો...એવા વિડીયો મેસેજ મોકલી સતત શરીરસંબંધની માંગ કરીઃ તેણીના પતિ વિરૂધ્ધ બે ખોટી અરજીઓ પણ કરી દીધી

રાજકોટ, તા. ૧૫

દોસ્ત દોસ્ત ના રહા આ ફિલ્મ ગીત અનેક વખત અસલી જિંદગીમાં પણ સાચુ પડતું હોય છે. આવી જે એક ઘટનામાં એક હવસખોરે પોતાના જ મિત્રની પત્નિને બર્થડે પાર્ટીમાં બોલાવ્યા બાદ પરાણે દારૂ પીવડાવી બળાત્કાર ગુજારી લીધો હતો. આજે તો મારો જન્મદિવસ છે, તમારે થોડુક તો પીવુ જ પડશે. કહી કોલ્ડડ્રીંકસ સાથે હાર્ડડ્રીંક ભેળવી બાદમાં દેહ પીંખી નાંખ્યો હતો. આ બધી વાત ભોગ બનનારે પોતાના પતિને કરતાં પોલીસ ફરિયાદ દાખલ કરાવવામાં આવી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ ચોંકાવનારો બનાવ વડોદરામાં બન્યો છે. મિત્રની પત્નીને બર્થડે પાર્ટીમાં બોલાવી કોલ્ડ ડ્રિંકમાં દારૂ ભેળવી પીવડાવી દઇ ધમકાવી જબરજસ્તીથી શારીરિક સંબંધ બાંધનાર વકીલ સામે પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે છવ્વીસ વર્ષની પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, આજવા રોડ સયાજી પાર્ક સોસાયટીમાં રહેતા વકીલ ભૂપેન્દ્ર ત્રિકમભાઇ પ્રજાપતિ મારા પતિના મિત્ર હતા.ગત સત્યાવીસમી જૂને ભૂપેન્દ્ર પ્રજાપતિનો જન્મ દિવસ હોઇ હું, મારા પતિ સંતાનો સાથે તેઓના ઘરે ગયા હતા. તેમની બર્થડે પાર્ટી અગાશી પર રાખી હતી. જેમાં દારૂ તથા ડિનરનો પ્રોગ્રામ હતો. ભૂપેન્દ્રભાઇએ ગ્લાસમાં કોલ્ડ ડ્રિંકમાં દારૂ ભેળવીને આજે તો મારી બર્થડે છે. તમારે થોડું તો પીવું જ પડશે. તેમ કહી જબરજસ્તીથી દારૂ પીવડાવ્યો હતો.

ત્યારબાદ કેક કાપવાનો સમય થતા



ભૂપેન્દ્રભાઇ મને તેમની સાથે નીચે કેક લેવા માટે લઇ ગયા હતા. મારો હાથ પકડી બેડરૂમમાં લઇ ગયા હતા. તારે મારી સાથે એક વખત શરીર સંબંધ બાંધવો પડશે. નહીંતર તારા પતિને કામ આપવાનું બંધ કરી દઇશ, તારા પતિ પર રેપનો ખોટો કેસ કરી ફસાવી દઇશ. હું ગભરાઇ ગઇ હતી. તેણે મારી સાથે મરજી વિરૂદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. ભૂપેન્દ્રભાઇ મારા પતિને કામ આપતા હોઇ મેં મારા પતિને કોઇ વાત કરી નહતી. ત્યારબાદ પહેલી જુલાઇએ સવારે અમારા સોશિયલ મીડિયાના ગ્રુપમાં તેમણે વીડિયો કોલ કર્યો હતો.

ત્યારબાદ સાંજે છ વાગ્યે મારા વોટ્સએપ પર તેમણે એક વીડિયો લિન્ક મોકલી હતી. જેમાં યાર આપ કિતને ગોરે હો, મેરે સાથ મુંહ કાલા કરો, તેવો વીડિયો હતો. ત્યારબાદ તેઓ અવાર -નવાર કોલ કરીને મારી પાસે શરીર સંબંધની માંગણી કરતા હતા. મેં મારા પતિને આ અંગે વાત કરતા તેમણે પણ તેઓની સાથે વાત કરવાનું બંધ કરી દીધું હતું. ત્યારબાદ ભૂપેન્દ્રભાઇની પરિચિત મહિલાએ મારા પતિ વિરૂધ્ધ બે પોલીસ સ્ટેશનમાં જબરજસ્તી કર્યાની અરજી કરી હતી. આ મહિલાએ મને કહ્યું કે,ભૂપેન્દ્રભાઇ સાથે સંબંધ ચાલુ રાખ તો આ બધું પિક્ચર પુરુ થાય અને મે કરેલી અરજીઓ પાછી ખેંચી લઉં. આમ એક વકિલ દ્વારા પોતાના જ મિત્રની પત્નિનું શોષણ થતાં ચકચાર મચી ગઇ છે. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટનાએ એડવોકેટ લોબીમાં પણ ચકચાર જગાવી દીધી હતી.

### આઠ ઘટનાઓ અલગ અલગ પરિવારોને શોકમાં ધકેલી ગઇઃ સ્વજનોની વસમી વિદાયથી ગમગીની

# હિટ એન્ડ રનમાં બાળકીનું મોતઃ યુવાન માટે સેલ્ફી બની જીવલેણ

## રસ્તો ઓળંગતી દસ વર્ષની બાળકીને બાઇકવાળો ઠોકરે લઇ ભાગી ગયોઃ બીજી ઘટનામાં મિત્રો સાથે તળાવે ન્હાતી વખતે સેલ્ફી લઇ રહેલા છાત્રનું ડુબી જતાં મોતઃ અન્ય આઠ ઘટનાઓમાં બેભાન હાલતમાં સગીર, મહિલા, આધેડ, યુવાન અને વૃધ્ધની જિંદગી થઇ ખતમ

રાજકોટ, તા. ૧૫
અપમૃત્યુની ઘટનાઓના સિલસિલામાં વધુ કેટલાક પરિવારોએ લાડકી, લાડકવાયા, આધારસ્તંભ ગુમાવી દીધા છે. એક બનાવમાં હિટ એન્ડ રનમાં દસ વર્ષની બાળકીનું મોત થયું છે. તે રસ્તો ઓળંગી રહી હતી ત્યારે મોટરસાઇકલનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેણીનું મોત થયું હતું. બીજા બનાવમાં તળાવમાં સેલ્ફી લેતી વખતે ડુબી જવાથી એક યુવાનનું મોત થયું હતું.જ્યારે બેભાન હાલતમાં સત્તર વર્ષના સગીર, યુવાન, પ્રૌઢ, આધેડ, મહિલાના મૃત્યુ થયા હતાં. એક કિસ્સામાં એકલા રહેતાં વૃધ્ધની ઘરમાંથી કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. આમ આઠ બનાવોમાં અલગ અલગ પરિવારોએ સ્વજનોને ગુમાવી દીધા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રીબડા રેલ્વે સ્ટેશન નજીક રસ્તો ઓળંગી રહેલી દસ વર્ષની બાળાનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. શાપરનું દંપતિ રીબડા કડીયા કામની મજૂરી કરવા આવ્યું હોઇ આ બાળકી પોતાના નાના ભાંડરડાને સાચવવા માટે ભેગી આવી હતી. સાઇટ નજીક રસ્તો પસાર કરી રહી હતી ત્યારે બાઇકરૂપી કાળ ભેટી ગયો હતો. વધુ માહિતી અનુસાર શાપર વેરાવળ રહેતાં મુળ મધ્યપ્રદેશના રાકેશભાઇ વસુનીયા હાલ રીબડા રેલ્વે સ્ટેશન પાસે ચાલતી બાંધકામની સાઇટ પર કડીયા કામની મજૂરી કરતાં હોઇ દરરોજ શાપરથી રિક્ષામાં પત્નિ, બાળકો સાથે અહિ આવી મજૂરી કરે છે.

આ મજુર યુવાન રાકેશભાઇ અને તેના પત્નિ મજૂરી કરી રહ્યા હતાં ત્યારે નાના બાળકોને રાકેશભાઇની દસ વર્ષની દિકરી આશુ સંભાળ રાખવા ભેગી આવી હોઇ તે રસ્તો ઓળંગી રહી હતી ત્યારે એક બાઇકનો ચાલક તેણીને ઠોકરે લઇ ભાગી ગયો હતો. આશુને ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ આજે સવારે તેણીનું મોત નિપજતાં મજૂર પરિવારમાં શોક છવાઇ ગયો હતો. આશુ બે ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતી. લાડકીના મૃત્યુથી સ્વજનોમાં શોક વ્યાપી ગયો હતો.





બીજી ઘટના જોઇએ તો કણકોટ નજીક આવેલા તળાવમાં મિત્રો સાથે ન્હાવા ગયેલો ૧૫૦ ફુટ રીંગ રોડ ગોવર્ધન ચોક પાસે સુખસાગર સોસાયટીમાં રહેતો સત્તર વર્ષનો હર્ષ મંગલપ્રસાદ દુબે હાથમાં સેલ્ફી સ્ટીકમાં મોબાઇલ ફોન રાખી પોતાની સેલ્ફી લેવા પાછળ પાછળ ચાલતી વખતે તળાવમાં ડૂબી જતાં કરૂણ મોત થયું હતું. મળતી વિગતો અનુસાર સુખસાગર સોસાયટીમાં મોટા ભાઇ ધર્મેશભાઇ સાથે રહેતો મુળ યુપીનો હર્ષ દુબે ગઇકાલે પોતાના ત્રણ મિત્રો આત્મીય અને મારવાડી કોલેજના છાત્રો સાથે કણકોટના તળાવ ખાતે ન્હાવા માટે ગયો હતો. આ વખતે હર્ષ હાથમાં સેલ્ફી સ્ટીક રાખી મોબાઇલ ચાલુ કરી પોતાની સેલ્ફી વિડીયો લેવા માટે પાછળ પાછળ ચાલતો હતો ત્યારે અચાનક તળાવમાં પડી જતાં ડુબવા માંડ્યો હતો.

આથી તેને બચાવવા મિત્ર ગૌરવ દોડ્યો હતો, પરંતુ તે પણ ડુબવા માંડતા તેને બચાવવા ત્રીજો મિત્ર અમન આગળ વધ્યો હતો. અમને ગમે તેમ કરીને ગૌરવને બચાવી લીધો હતો પરંતુ કમનસીબે હર્ષ પાણીમાં ગરક થઇ ગયો હતો. આ પછી ત્રણેય મિત્રો ગભરાઇને ઘરે ગયા હતાં અને અમને પોતાના પિતાને વાત કરતાં ફાયર બ્રિગેડ, ૧૦૮, પોલીસને જાણ કરાઇ હતી. કણકોટના તરવૈયાઓ અને મૃતકના સગા તથા ફાયર બ્રિગેડના વનરાજસિંહ, મૌલિક છનીયારા, નિલેષ વડેખણીયા, હાર્દિક વાઘેલા, મયુર મેટાલીયા, સિધ્ધરાજસિંહ સોઢા સહિતે તળાવમાંથી હર્ષનો મૃતદેહ શોધી કાઢતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઇ ડી. સી. જોષી, કિરીટભાઇ રામાવત, રજાકભાઇ દલ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃતક હર્ષ છ મહિના પહેલા યુપીથી રાજકોટ આવ્યો હતો. ભાઇ સાથે રહી ધોરણ ૧૨માં એક્સટર્નલ તરીકે અભ્યાસ કરવાની સાથે ભાઇને ટ્રાન્સપોર્ટના કામમાં મદદરૂપ થતો હતો. ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં વચેટ હતો. યુવાન આશાસ્પદ દિકરાના મૃત્યુથી પરિવારમાં શોક છવાયો હતો.

અન્ય ઘટનાઓ પર નજર કરીએ તો ગોકુલધામ પાસે ઉમિયા ચોક જલજીત સોસાયટીમાં રહેતા સત્તાવન વર્ષનાં દિલીપભાઇ મેઘજીભાઇ કટેશીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. તેને સંતાનમાં એક દિકરો છે. કેન્સરની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું.

જ્યારે સાધુ વાસવાણી રોડ પર શિવમ્ સોસાયટી-૧માં રહેતાં ચુમાલીસ વર્ષના અરવિંદભાઇ રઘુભાઇ પરમાર ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. અરવિંભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. સગાના કહેવા મુજબ કમળો થયા બાદ કમળીની ગાંઠ થઇ જતાં બિમાર પડી જવાથી મૃત્યુ થયું હતું.

તેમજ આજીડેમ ચોકડી ભીમરાવનગર નાગબાઇ ચોકમાં રહેતાં પચાસ વર્ષના શીવશંકરભાઇ ગીરજાશંકર દવે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતક ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા તથા અપરિણીત હતાં. તે ટ્રસ્ટમાં નોકરી કરતાં હતાં. બિમારીથી મૃત્યુ થયાનું સગાએ કહ્યુ હતું. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ગોંડલ રોડ પીડીએમ કોલેજ પાછળ શિવનગરમાં રહેતાં અડતાલીસ વર્ષના સાધનાબેન દેશળભાઇ ગઢવી ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃતકને સંતાનમાં એક પુત્ર છે. પતિ છુટક કામ કરે છે. શ્વાસની બિહારી હોવાનું સગાએ કહ્યુ હતું. બનાવ અંગે માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે ભગવતીપરામાં સુખસાગર સોસાયટીમાં રહેતાં મહેશભાઇ બાબુભાઇ સરધારા નામના પાંત્રીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કર્યા હતાં. આવી જ રીતે કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટર શેરી નં. ૭માં રહેતાં સત્તર વર્ષનો વૃષભ હસમુખભાઇ દેસાણી ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તે બે ભાઇ અને બે બહેનમાં નાનો હતો. તેના પિતા કેટરીંગનું કામ કરે છે. જન્મથી જ વૃષભ બિમાર રહેતો હોવાનું જણાવાયું હતું. ભક્તિનગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

વધુ એક અપમૃત્યુની ઘટનામાં જુના એરપોર્ટ નજીક આવેલા અમરજીતનગર-૩માં એકલા રહેતાં અઠાવન વર્ષના ક્રિશ્ચીયન અનુપમભાઇ ઇલીયટ હાલોરીની તેમના ઘરમાંથી કોહવાયેલી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. અનુપમભાઇના ઘરમાંથી દૂર્ગંધ આવતી હોઇ પડોશીઓએ તપાસ કરતાં ઘરનો દરવાજો બંધ હતો. આથી રેલનગરમાં રહેતાં અનુપમભાઇના દિકરા રોનકભાઇને જાણ કરતાં તે તત્કાળ અહિ પહોંચ્યા હતાં અને દરવાજો ખોલાવી જોતાં પલંગ પર તેને પિતાનો કોવાયેલો મૃતદેહ જોવા મળ્યો હતો. પડોશીઓની મદદથી સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. મોતનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

અનુપમભાઇ અગાઉ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતાં અને હાલ નિવૃત જીવન જીવતા હતાં. તેમને સંતાનમાં એક પુત્ર છે. હાર્ટએટેકથી મૃત્યુ થયું કે બિમારીથી? તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી. આમ આઠ બનાવોમાં જુદા જુદા પરિવારોએ જુદા જુદા કારણે સ્વજનોને ગુમાવી દીધા હતાં.

### વધુ એક વખત કાળમુખો ટ્રક જીવલેણ બન્યોઃ એક પરિવારના મોભી છીનવાઇ ગયા

# માધાપર ચોકડીએ ટ્રકની ઠોકરે વૃધ્ધનું મોત

## દિકરાની ઓફિસેથી ઘરે આવવા ઇન્દિરા સર્કલથી બસમાં બેસી જીતેન્દ્રભાઇ મજીઠીયા માધાપર ચોકડીએ ઉતરી પગપાળા જતા હતાં ત્યારે અકસ્માત નડ્યો

રાજકોટ, તા. ૧૫
વધુ એક જીવલેણ અકસ્માતમાં એક પરિવારે પોતાના મોભીને ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો છે. માધાપર ચોકડી સર્કલ નજીક પગપાળા જઇ રહેલા વૃધ્ધને ટ્રકના ચાલકે ઠોકરે ચડાવ્યા બાદ આ વૃધ્ધના શરીર પર પાછળનું વ્હીલ ફરી વળતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. ઇન્દિરા સર્કલ નજીક આવેલી પોતાના દિકરાની ઓફિસેથી ઘરે આવવા આ વૃધ્ધ સીટી બસમાં બેસીને માધાપર ચોકડીએ પહોંચી ત્યાંથી ચાલીન ઘરે જઇ રહ્યા હતાં ત્યારે ટ્રક કાળ બનીને આવ્યો હતો.






વિગતો પર નજર કરીએ તો માધાપર સર્કલ પાસે ગોલ્ડન પોર્ટીકો એપાર્ટમેન્ટમાં ડી-વીંગમાં રહેતાં ચીમોતેર વર્ષના જીતેન્દ્રભાઇ મહીકૃષ્ણભાઇ મજેઠીયાનામના વૃધ્ધ માધાપર ચોકડી પાસે સર્કલ નજીક ચાલીને જઇ રહ્યા હતાં ત્યારે ટ્રકની ઠોકરે આવી ગયા હતાં. તેઓ પડી ગયા બાદ તેના પર ટ્રકનું પાછલુ વ્હીલ ફરી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ જતાં ચાલક ટ્રક મુકી ભાગી ગયો હતો. જો કે પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ટ્રકચાલકને શોધી લઇ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

આ જીવલેણ અકસ્માતમાં મૃત્યુ પામનાર જીતેન્દ્રભાઇ બે ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરા છે. જેમનું નામ જતીનભાઇ મજીઠીયા છે. તેઓ ઇન્દિરા સર્કલ પાસે ઓફિસરમાં બેસી ટ્રેડમાર્કનું કામ કરે છે. જીતેન્દ્રભાઇ સવારે દિકરાની ઓફિસે આટો મારવા ગયા હતાં. ત્યાંથી પરત ઘરે આવવા ઇન્દિરા સર્કલથી સીટી બસમાં બેઠા હતાં અને માધાપર ચોકડીએ ઉતરી સર્કલ પાસે ચાલીને ઘરે જઇ રહ્યા હતાં ત્યારે ટ્રકચાલકે ઠોકરે લેતાં મોત થયું હતું. બનાવને પગલે મજેઠીયા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પોલીસે ટ્રક ચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. એક તરફ પોલીસ હેલ્મેટની ઝુંબેશને લઇને અધીરી બની છે, ઓન ધ સ્પોટ કેસ કરવાનું ડ્રાઇવ કરવાનું બંધ કરી ઓનલાઇન મેમા ફટકારવાનું ચાલુ કર્યુ છે ત્યારે બીજી તરફ શહેરમાં આવા માતેલા સાંઢ જેવા ખટારા, ડમ્પરો જીવલેણ અકસ્માત સર્જી જાય છે તેની સામે કોઇ પગલા લેવાતા ન હોવાનો રોષ લોકોમાં ઉઠી રહ્યો છે.

### ડખ્ખો થયા બાદ ઘરનું ઘર છોડી પરિવાર ભાડે રહેવા ગયો : છતાં ખાર રાખી હુમલો

# તારે અમારી સોસાયટીમાં ન આવવું કહી ત્રણ જણે યુવાનને કર્યો લોહીલુહાણ

## કોઠારીયા સોલવન્ટની ઘટનાઃ દર્શન ઉપર રમજાન, સાહીલ, પ્રવિણ તૂટી પડતાં આજીડેમ પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ, તા. ૧૫
મારામારીની વધુ એક ઘટના સામે આવી છે જેમાં જુના ડખ્ખાનો ખાર રાખી યુવાન પર સશસ્ત્ર હુમલો કરાયો હતો. શહેરના કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ નાગરિક બેંકવાળી શેરીમાં શ્યામ પાર્કમાં રહેતાં મુળ ધારીના મોણવેલ ગામના દર્શન છગનભાઇ મકવાણા નામના અઢાર વર્ષના યુવાન ઉપર કોઠારીયા સોલવન્ટમાં રમઝાન અને સાહિલ અને પ્રવિણ નામના શખ્સોએ હુમલો કરી ઢીકાપાટુનો માર મારી છરી-ધોકાથી ફટકારતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. આજીડેમ પોલીસે દર્શનની ફરિયાદ નોંધી હતી.



હુમલામાં ઘાયલ થયેલ યુવાન દર્શન ભાડાના મકાનમાં પરિવાર સાથે રહે છે અને કંપનીમાં પ્રાઇવેટ નોકરી કરે છે. દર્શને જણાવ્યું હતું કે હું સાંજે આઠેક વાગ્યે ઘરેથી કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ઘરની ચીજવસ્તુ લેવા માટે ગયો હતો. ત્યારે રમઝાન અને સાહિલ ત્યાં મળી ગયા હતાં અને તારે અહિ અમારી સોસાયટીમાં આવવુ જ નહિ તેમ કહી ગાળો દેતાં તેને ગાળો બોલવાની ના પાડતાં બંનેએ ઉશ્કેરાઇ જઇ ઢીકાપાટુ માર્યા હતાં. બાદમાં રમઝાને છરી કાઢી મને માથામાં મારી દીધી હતી. ત્યાં પ્રવિણ ધોકો લઇને આવ્યો હતો અને તેનાથી મને હાથ-માથામાં ઘા મારી દીધા હતાં. તેમજ ડાબા હાથની કોણીમાં એક ઘા મારી દીધો હતો. વધુ મારથી બચવા હું ત્યાંથી ભાગી ગયો હતો અને મારા ભાઇને ફોન કરી બોલાવતાં તે મને હોસ્પિટલે લઇ ગયો હતો.

દર્શને જણાવ્યું હતું કે આ માથાકુટનું કારણ એ છે કે ત્રણ મહિના પહેલા અમે કોઠારીયા સોલવન્ટમાં અમારા ઘરના મકાનમાં રહેતાં હતાં. ત્યાં અમારે ગાડી પાર્ક કરવા મામલે રમઝાન સાથે બોલાચાલી થઇ હતી. બાદ અમે આ ઘર બંધ કરી હવે ભાડે રવા જતાં રહ્યા છીએ. રવિવારે હું ઘરનો સામાન લેવા સોલવન્ટમાં જતાં ત્યાં રમઝાન, સાહિલ, પ્રવિણ મળી જતાં તારે અહિ આવવું નહિ કહી હુમલો કર્યો હતો. ઇન્સપેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં તપાસ શરૂ થઇ હતી.

### તું જે અલ્ફાઝની સાથે ફરે છે એ અમારો દુશ્મન છે, તું શું કામ એના કામ કરે છે? કહી ગુંડાગીરી

# દૂધની ડેરીના યુવાનને ત્રિપુટીએ ધારીયાના ઘા મારી લૂંટી લીધો

## મોહસીન નામનો યુવાન મિત્ર અલ્ફાઝને પૈસા આપવા જતો હતો ત્યારે હડમતીયાના પાટીયે ડેરી વિસ્તારના જ સાળા-બનેવી સહિતે આંતરી ઘા કરી લીધા

રાજકોટ, તા. ૧૫
શહેરમાં લુખ્ખાગીરીની વધી રહેલી ઘટનાઓમાં વધુ એક ઉમેરો થયો છે. જેમાં દૂધસાગર રોડ પર રહેતાં અને અમુલ ડેરીમાં નોકરી કરતાં યુવાનને હડમતીયાના પાટીયા પાસે ડેરી વિસ્તારના જ એક શખ્સે પોતાના સાળા સહિતની સાથે મળી આંતરી ધારીયા-પાઇપથી માર મારી રોકડ લૂંટી લઇ ઉપરાંત મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. આ ત્રિપુટીને જેની સાથે વાંધો ચાલે છે એ શખ્સ આ યુવાનનો મિત્ર હોઇ અને મિત્રની સાથે ફરી તેને મદદ કરતો હોઇ તે વાત આ શખ્સોને ન ગમતાં આ ગુનાને અંજામ આપ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામાં કુવાડવા રોડ પોલીસે દૂધસાગર રોડ લાખાજીરાજ નગર શેરી નં. ૪માં ફારૂકી મસ્જીદ પાસે રહેતાં અને પ્રાઇવેટ નોકરી કરતાં મોહસીન આરીફભાઇ ચૌહાણ નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી લાખાજીરાજ શેરી નં. ૩૪માં રહેતાં મોહસીનશા હબીબશા શાહમદાર તથા ભગવતીપરામાં ભારત પાન નજીક રહેતાં સદામ સિદીકભાઇ કુરેશી અને બે અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તજવીજ હાથ ધરી હતી. મોહસીન ચૌહાણે જણાવ્યુ છે કે હું પરિવાર સાથે રહુ છું અને ચુનારાવાડ ચોકથી આગળ આવેલી અમુલ ડેરીમાં નોકરી કરુ છું. રવિવારે ૧૪મીએ બપોરે અઢી આસપાસ મારા મિત્ર અલ્ફાઝ મયુદ્દીનભાઇ કુરેશીએ મને ફોન કરી કહ્યું હતું કે હું આજીડેમ-૨ ઉપર હાજર છું અને મારી ગાડીમાં ડીઝલ પુરાવવું છે, તું મારા ઘરે જઇ પૈસા લઇને આજીડેમ-૨ ખાતે મને આપી જા.

આથી હું મિત્ર અલ્ફકાઝના ઘરે ગયો હતો અને ત્યાંથી તેનું એક્સેસ જીજે૦૧વાયએચ-૯૬૦૭ લઇ હું તથા મારા માસીનો દિકરો નોઇન નઝીરભાઇ યુસુફી એમ બંને રૂા. ૪૭૦૦ લઇને અલ્ફાઝને આપવા માટે નીકળ્યા હતાં. ત્રણેક વાગ્યે અમે ગવરીદડથી બેડી ગામના રસ્તે જતાં હતાં ત્યારે હડમતીયા ગામના પાટીયે પહોંચતા થોડે દૂર જઇ



મેં અલ્ફાઝને ફોન કરી તું ક્યાં ઉભો છો? તેમ પુછ્યું હતું.આથી અલ્ફાઝે કહેલુ કે હું બેડી ચોકડી તરફ આવું છું, આથી મેં એક્સેસ પાછુ વાળ્યું હતું અને બેડી ચોકડી તરફ અમે જતાં હતાં ત્યાં દૂધની ડેરી પાસે રહેતો મોહસીનશા, તેનો સાળો સદામ કુરેશી તેની રિક્ષા અને બાઇક લઇને ઉભા હતાં.

તેની સાથે બીજા બે શખ્સો પણ હતાં. આ ચારેયએ મને બૂમ પાડીને ઉભા રહેવાનું કહેતાં મેં મારુ વાહનઉભુ રાખ્યું હતું. આ સાથે જ આ લોકો મને ગાળો દઇ કહેવા લાગેલા કે અમારે અને અલ્ફાઝને માથાકુટ ચાલે છે અને તું તેની સાથે કેમ ફરે છે, તેનું કામ શું કામ કરે છે? કહી ઉશ્કેરાઇ ગયા હતાં. આ પછી મોહસીનશાએ ધારીયાથી હુમલો કરી મારા માથામાં ઘા મારી દીધો હતો જેથી લોહી નીકળવા માંડ્યા હતાં. ત્યાં તેના સાળા સદામે છરી કાઢી હુમલો કરતાં મેં હાથ આડો રાખતાં આંગળીમાં ઇજા થઇ હતી. અજાણ્યા બે જણાએ લોખંડના પાઇપથી મને માર માર્યો હતો. જેથી મારા માસીનો દિકરો નોઇનખાન વચ્ચે પડતાં આ લોકોએ તેના ઉપર પણ હુમલો કરી ઇજા કરી હતી.

મોહસીને બાદમાં મને ગળુ પકડી જકડી રાખ્યો હતો અને હાથ પર માર મારતાં ઇજા થતાં હું પડી ગયો હતો. બાદમાં સદામ, મોહસીને મારા પેન્ટના પાછલા ખિસ્સામાં રહેલી ૪૭૦૦ની રોકડ લૂંટી લીધી હતી. જતાં જતાં મને ધમકી આપી હતી કે જો હવે પછી તું અલ્ફાઝ ભેગો જોવા મળીશ તો જાનથી મારી નાખશું. આ બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં આ ચારેય ભાગી ગયા હતાં. બાદમાં મને મારો માસીયાઇ ભાઇ હોસ્પિટલે લઇ ગયો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, પ્રકાશભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકના હેડકોન્સ. પી. જી. અગ્રાવતે હોસ્પિટલે પહોંચી મોહસીનની ફરિયાદ નોંધી હતી. પીએસઆઇ બી. વી. ભગોરાએ ઇન્સપેક્ટર બી. પી. રજયાના માર્ગદર્શન હેઠળ આરોપીઓને શોધી કાઢવા તપાસ આગળ ધપાવી હતી.

### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૧૧૪ કરોડના વિકાસ કામોને મળી બહાલી

# તૂટેલા રસ્તા બનશે નવા નક્કોર

## ૧લી ઓક્ટોબરથી યુદ્ધના ધોરણે ત્રણેય ઝોનમાં કામગીરીનો શરૂ થશે ધમધમાટ ૧૩૧ કરોડથી વધુના ખર્ચે રોડ બનશે ટનાટન

રાજકોટ, તા. ૧૫

છેલ્લા ઘણા દિવસથી મહાનગરપાલિકાની કામગીરીમાં ઉથલ પાથલ થઈ રહી છે ત્યારે આગામી મનપાની ચૂંટણીને લઈને હાલ અત્યારથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે મળતી માહિતી મુજબ ૧૧૪ કરોડ ના વિકાસ કામોને બહાલી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ બેઠકમાં આપવામાં આવી અને અનેકવિધ વિવાદિત દરખાસ્ત હતી તેને પણ બહાલી મળી છે. ગઈકાલની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૩૨ દરખાસ્ત મુકવામાં આવી હતી તેમાંથી ૩૧ દરખાસ્તને સર્વનું મતે બહાલી આપવામાં આવી અને દરખાસ્ત નંબર ૧૬ કે જે સેન્ટ્રલ ઝોન બિલ્ડીંગ કચેરીમાં કનક રોડ તરફ આવેલું છે જૂનું ફાયર સ્ટેશનનું બિલ્ડીંગ છે તે બિલ્ડીંગ નવું બનાવવાના કામ માટે ૧૨.૪૨ કરોડથી વધુ નો ખર્ચ એસ્ટીમેટ સ્વરૂપે આવ્યો હતો જે ખાસ્સો વધુ હોવાના કારણે વિચારણા અર્થે આ દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી છે બાકી તમામ દરખાસ્તોને બહાલી અપાય છે.

રાજકોટ પૂર્વ એટલે કે વિધાનસભા ૬૮ વિસ્તારમાં સૌથી વધુ કામ મંજૂર થયા હોવાનું માલુમ પડ્યું છે ત્યારે આ અંગે અગાઉ ધારાસભ્ય ઉદયભાઇ કાનગઢ દ્વારા ખાસ સુચના આપવામાં આવી હતી કે જે પણ કામગીરી પેન્ડિંગ છે તેને તાકીદે પૂર્ણ કરવામાં આવે અને જે કામગીરી મંજૂર થયેલી છે તેની શરૂઆત કરી દેવામાં આવે જેના



પગલે ઈસ્ટ ઝોનના રોડ રસ્તા સહિતના કામો માટે ખાસ એવું બજેટ ફાળવવામાં આવ્યું છે.

બીજી તરફ રોડ રસ્તાની બિસ્માર હાલતના કારણે મહાનગરપાલિકા ની છબી ખરડાઈ છે જેને ધ્યાને લઈ આગામી દિવસોમાં એટલે કે પહેલી ઓક્ટોબરથી એક વિશેષ ઝુંબેશ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે અને તમામ ઝોન વિસ્તારના વોર્ડમાં જે જગ્યાએ રોડ રસ્તા ખરાબ હશે ત્યાં તે રસ્તાનું રેસ્ટોરેશન કામ મેટલિંગ કામ તથા પેચ વર્કનું કામ યોજના ધોરણે કરવામાં આવશે અને એ બાબતે કુલ ખર્ચ પણ નક્કી કરી લેવામાં આવ્યો છે જેમાં ઈસ્ટ ઝોન એટલે કે પૂર્વ ઝોનમાં કુલ ૭૪ કરોડના ખર્ચે રોડ રસ્તા નું કામ ઝડપી બનાવવામાં આવશે તો વેસ્ટ ઝોનમાં ૩૧.૧૫ કરોડ જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૩૧.૩૧ કરોડ રૂપિયાનું કામ નક્કી કરવામાં આવ્યું છે.

ઈસ્ટ ઝોન હેઠળના વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં નવા રસ્તા કામ માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. ડામર કાર્પેટ, રી-કાર્પેટ અને વાઇડનીંગના કામ માટે ટેન્ડર બહાર પડતા મારૂતિનંદન કન્સ. કંપનીના ભાવ ૫.૭૬ ટકા ઓછા આવતા ૭૪ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. પૂર્વ ઝોનના આ વિસ્તારોને ટુંક સમયમાં રસ્તાની સુવિધા મળતી થઇ જશે તો ચાલુ ચોમાસામાં ઓછા વરસાદે પણ માર્ગોને પણ ઘણુ નુકસાન થયું હોય, લોકોને પડતી મુશ્કેલી દુર કરવા આગામી તા. ૧ ઓકટોબરથી ત્રણે ઝોનના ૧૮ વોર્ડમાં ડામર કાર્પેટ, રી-કાર્પેટ, પેચવર્ક, વાઇડનીંગના કામો શરૂ થઇ જશે તેવી જાહેરાત પણ ચેરમેન જયમીન ઠાકરે કરી છે.

પૂર્વ ઝોનમાં આજે ૭૪ કરોડના કામ મંજૂર થયા છે. તો અગાઉની મીટીંગોમાં વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૧, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ માટે ૩૧.૧૫ કરોડ, સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૨, ૩, ૭, ૧૩, ૧૬, ૧૭ માટે પણ ૩૧.૪૭ કરોડ મંજૂર થયા હતા. આમ આ બે ઝોન કરતા પૂર્વ ઝોનમાં રસ્તા માટે ડબલથી વધુ બજેટ ફાળવવામાં આવ્યું છે.

---

### જિલ્લા પંચાયતની કચેરી સ્થળાંતરમાં થયેલ ખર્ચમાં ભ્રષ્ટાચારની બુ વિપક્ષનો આક્ષેપ બાદ પ્રમુખ સહિતના પદાધિકારીઓએ કરી સ્પષ્ટતા

# વિપક્ષના મનસુખ સાકરીયાનો આક્ષેપ પાયાવિહોણો : પ્રવિણાબેન



રાજકોટ, તા. ૧૫

રાજકોટ જિલ્લા પંચાયત ફરી એક વખત વિવાદના વંટોળમાં ફસાઈ ચૂકી છે ત્યારે વિપક્ષના મનસુખ સાકરીયા દ્વારા હાલ જૂની કોર્ટ બિલ્ડિંગમાં જે કચેરીનું સ્થળાંતર કરવામાં આવ્યું તેમાં જે ખર્ચ થયો છે તેમાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો અને આ અંગે ન્યાયિક તપાસની માંગ પણ કરવામાં આવી હતી આ બાબતે મામલો બિચકયો છે અને ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે હવે આ બાબતે ખરા અર્થમાં શું પગલાં લેવામાં આવશે તે સૌથી મોટી વાત છે.

ગઈકાલે રાજકોટ જિલ્લા પંચાયત ના નવા બિલ્ડિંગમાં થયેલા સ્થળાંતરની કામગીરી અને તેના ખર્ચને લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી દ્વારા તથા કારોબારી સમિતિના ચેરમેન પ્રવીણ કાયડા તથા જિલ્લા પંચાયતના એક્ઝિક્યુટિવ ઇજનેર સહિતના અધિકારીઓ દ્વારા એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટેન્ડરમાં જે જે ખર્ચ થયા તે સમગ્ર ખર્ચ ની માહિતી રજૂ કરી હતી અને વિપક્ષના મનસુખ સાકરીયા દ્વારા જે આક્ષેપો કરવામાં આવ્યા હતા તેને પાયા વિહોણા ગણાવ્યા હતા.

એક્ઝિક્યુટિવ એન્જિનિયર પટેલ દ્વારા જણાવ્યા મુજબ, સ્થળાંતરનો કુલ ખર્ચ ૮૪ લાખ થયો છે, જેમાંથી ૨૨ લાખના બિલ ચૂકવી દેવામાં આવ્યા છે. બાકીના બિલ યોગ્ય તપાસ બાદ જ મંજૂર કરવામાં આવશે. ૭૨ દિવસના સ્થળાંતર દરમિયાન થયેલા કેટલાક મુખ્ય ખર્ચાઓમા પાણીની વ્યવસ્થા અને ટેરેસ પર પોર્ચનું કામ.પાર્કિંગ માટે પટ્ટા લગાવવા અને શ્વાન માટે વ્યવસ્થા કરવી.વૃક્ષોનું રિપ્લાન્ટેશન, ગોડાઉન બનાવવું, અને ફ્રીઝ રિપેરિંગ.નવા છઘ પ્લાન્ટ (રૂ. ૧૪,૦૦૦), બારી-દરવાજાનું રિપેરિંગ (કુલ રૂ. ૪.૮૨ લાખ) પાણીનો ટાંકો, બોર લાઈન, અને એલ્યુમિનિયમ સેક્શન (રૂ. ૬.૫૫ લાખ) કલરકામ, પડદા, ફર્નિચર, બાંકડા અને ઈઈઝટ કેમેરાનો ખર્ચ તેમજ રૂ. ૧૨ લાખનો પરચુરણ ખર્ચ વિગેરેનો સમાવેશ થાય છે.

વિપક્ષના નેતા મનસુખભાઈ સાકરિયાએ આ ખર્ચમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ કર્યો છે. તેમણે માંગ કરી છે કે આ સમગ્ર મામલાની તપાસ માટે એક કમિટીની રચના થવી જોઈએ જેમાં વિપક્ષના સભ્યોને પણ સામેલ કરવામાં આવે. જે પણ ભ્રષ્ટાચારમા સામેલ હોય તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. હાલ જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં કેટલું તથ્ય છે અને જે ખર્ચની બાબત છે તે કેટલા અંશે વ્યાજબી છે તે અંગે જો કમિટીની રચના કરવામાં આવે તો જ દૂધને દૂધ અને પાણીનું પાણી થઈ શકે પરંતુ ફરી વાસ્તવિકતા તો એ છે કે વિપક્ષના મનસુખ સાકરીયા દ્વારા જ્યારે પણ આક્ષેપો કરવામાં આવ્યા છે તેમાં ક્યાંક તો તથ્ય હોય જ છે ત્યારે આ બાબતે જિલ્લા પંચાયતના સત્તાધિશો ગંભીરતા પૂર્વક મુદ્દાને ધ્યાને લઈએ તે ખૂબ જરૂરી છે.

અત્યારે ઘણા સમયથી જિલ્લા પંચાયતની કામગીરી પર પ્રશ્નાર્થ થઈ રહ્યો છે અને ઘણા ખરા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે જેને શાંત પાડવા એટલા જ જરૂરી છે ત્યારે હવે કચેરી સ્થળાંતરમાં થયેલા ખર્ચ અંગે શું સત્ય હકીકત બહાર આવે છે તે જોવાનું રહ્યું

---

# કનક રોડ ફાયર સ્ટેશનનો અંદાજિત ખર્ચ ૧૨ કરોડથી વધુ આવતા દરખાસ્ત પેન્ડિંગ

### ૧૭% ઊંચો ભાવ આવતા અધિકારીઓને રિ ટેન્ડર કરવાનો આદેશ

રાજકોટ, તા. ૧૫

રાજકોટ મહાનગરપાલિકા માં વિરોધનો વંટોળ કોઈ દિવસ શાંત પડ્યો નથી અને જાણે પડવા માંગતો ન હોય તેવું પણ જણાઈ રહ્યું છે કારણ કે તેવી એક વખત નહીં અનેક વખત સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. મહાનગરપાલિકામાં એક વિરોધ શાંત હજુ પડ્યો જ હોય ત્યાં બીજો વિરોધ શરૂ થઈ જાય છે ત્યારે કનક રોડ ફાયર સ્ટેશન કે જે સેન્ટ્રલ ઝોન કચેરીની બરોબર પાછળ આવેલું છે તે નાનું છે અને તેના નવીનીકરણ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા પરંતુ જે સ્થિતિનું નિર્માણ થયું ને જે ભાવ આવ્યો તે ચોકાવનારો હતો ૧૭% ઊંચા ભાવ સાથે ૧૨ કરોડનો ખર્ચનો એસ્ટીમેટ આવતા તે અંગેની દરખાસ્ત ગઈકાલની સ્ટેન્ડિંગમાં કરવામાં આવી હતી પરંતુ વિરોધ ન થાય તે માટે આ દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી છે. મળતી માહિતી મુજબ હાલ જ મહાનગરપાલિકા દ્વારા જે બે ફાયર સ્ટેશન બનાવવામાં આવ્યા તેનો ભાવ પણ નીચો હતો તો તેની સરખામણીમાં કનક રોડ ફાયર સ્ટેશન તો ખૂબ નાનું છે છતાં પણ કેમ ૧૨ કરોડ જેટલી માતબર રકમનો ખર્ચ કરવાનું નક્કી કરવામાં આવ્યું તે પ્રશ્ન હજી ઉકેલ આવ્યો નથી અને ભ્રષ્ટાચારવામાં આવનાર હોય તેવું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા શાણપણ થી આ દરખાસ્તને પેન્ડિંગ રાખી રિટેન્ડર કરવાનો આદેશ પ્રસિદ્ધ કર્યો છે ત્યારે ગઈકાલે ૩૩ જેટલી દરખાસ્ત પૈકી સેન્ટ્રલ ઝોન કચેરી પાછળના ફાયર સ્ટેશન ના સ્થાને નવું ફાયર સ્ટેશન ઊભું કરવામાં આવે તે માટેની દરખાસ્ત થતી અગાઉ આ માટે મહાનગરપાલિકા દ્વારા ૧૦ કરોડનું એસ્ટીમેટ ખર્ચ નક્કી કરવામાં આવ્યો હતો છતાં ૧૭% વધુ ભાવ ભરી આ પ્રાઈઝ નક્કી કરવામાં આવી અને દરખાસ્ત સ્ટેન્ડિંગમાં રજૂ કરતા પેન્ડિંગ રાખવામાં આવી હોવાનું માલુમ પડ્યું. ગત સ્ટેન્ડિંગમાં વોર્ડ નં.૨, ૧૧ અને ૧૭માં ફાયર સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે. જેના ભાવ નીચા આવ્યા હતા અને કનક રોડ ફાયર સ્ટેશનનું બાંધકામ ઓછુ હોવા છતા ૧૬.૭૪ટકા વધુ ભાવ આવ્યા છે. જેથી અગાઉના ટેન્ડર મંજૂબ એક સ્કવેર ફૂટ દીઠ રૂા.૭૮૦ જેટલો મોટો ફરક પડી રહ્યો છે.

જેના લીધે તંત્રને કરોડોનુ નુકસાન થાય તેમ હોય રી-ટેન્ડર કરવાની સૂચના આપવામાં આવી છે. ચેરમેને વધુમાં જણાવેલ કે, વોર્ડ ન.૧૭માં ફાયર સ્ટેશન માટેના ટેન્ડરમાં ૬.૭૦ ટકા વોર્ડ નં.૧૧ના બાંધકામમાં ૭ ટકા અને વોર્ડ નં.૨ના ટેન્ડરમાં ૩.૭૨ ટકા ઓછા આવ્યા છે. વોર્ડ નં.૧૭માં પ્રતિ ચોરસ ફૂટ રૂા.૨૭૬૬ તથા રૂા.૨૨૦૨ અને વોર્ડ નં.૨માં ફાયર સ્ટેશનમાંના બાંધકામ માટે પ્રતિ ચોરસ ફૂટ રૂા.૨૫૨૪નો ભાવ આવ્યો છે. કનક નગર ના ટેન્ડરના હીસાબ મુજબ રૂા.૨૯૮૧ પ્રતિચોરસ ફૂટ ભાવ આવેલ છે. જે ડિફરન્સ રૂા.૭૮૦ પ્રતિ ફૂટ હોવાથી રી-ટેન્ડર કરી ઓછા ભાવ આવે તો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાના અમુક કામો મોટી ઓનથી આપવામાં આવી રહ્યા છે આજે સ્ટેન્ડિંગમાં નવા ફાયર સ્ટેશનના કામમાં ૧૭ ટકા ઓનથી ભાવ આવતા રિટેન્ડર કરવાના આદેશ ચેરમેન દ્વારા આપવામાં આવ્યા છે. પરંતુ કોન્ટ્રાક્ટરોની રીંગના કારણે અનેક કામો ૨૦થી ૨૫ ટકા ઓનથી આપવાની ફરજ પડી રહી હોય કે, અધિકારીઓની ગોઠવણ હોય ડ્રેનેજ તેમજ ટીપરવાન અને સફાઈ સહિતના અમુક કામો મોટી ઓનથી અગાઉ આપવામાં આવ્યા છે. અને કરોડો રૂપિયાના કૌભાંડો થઈ ગયા બાદ હવે ચૂંટણીઓ નજીક આવતા ચેરમેને પ્રજાના પૈસા બચાવવા માટે એક દરખાસ્તને પરત કરી રિટેન્ડર કરવાના આદેશ કર્યા છે. તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે.



#### ગત મહિને થયેલ ત્રણ ફાયર સ્ટેશનોની વિગત

મનપાના કનક રોડના ફાયર સ્ટેશનની દરખાસ્ત આજે પરત કરવામાં આવી હતી. જેમાં ઉંચાભાવથી ટેન્ડર ભર્યાનું ખુલવા પામ્યુ છે. જેની સામે ગત માસે વોર્ડ નં. ૨, ૧૧ અને ૧૭માં નવા ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્ત મંજુર થયેલ અને આ ત્રણેય દરખાસ્તમાં ૬.૭૦ ટકા તથા સાત ટકા અને ૩.૭૨ ટકા નીચા ભાવ આવેલા છે. એ જોતા આજની દરખાસ્તમાં ૧૬.૭૪ ઓન અને ગત દરખાસ્તના નીચા ભાવનો સરવાળો કરતા ૨૪ ટકાથી ઉંચા ભાવનું ટેન્ડર મંજુર કરી દરખાસ્ત મંજુર કરાવવા પાછળ મોટો ખેલ ખેલવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. છતાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો અને ચેરમેને અભ્યાસ કરી રૂા. ૧૦.૬૪ કરોડના ફાયર સ્ટેશનના બાંધકામનો કોન્ટ્રાકટ ઓનથી જતો અટકાવ્યો છે.

---

### ચાલીને જતી વખતે પાણીમાં ઉંધે માથે પડી ગયા પછી ઉભો ન થઇ શક્યો: લાશ કોહવાઇ ગઇ

# ગવલીવાડનો ખુલ્લો વોંકળો જીવલેણ બન્યો: યુવાનનું મોત

## શનિવારે ઘરેથી નીકળલો સત્યાવીસ વર્ષનો રિક્ષાચાલક ગૂમ હતો: તેની લાશ વોંકળામાંથી મળતાં પરિવારમાં માતમ

રાજકોટ તા. ૧૫

મોત ક્યારે કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. આવી જ એક ઘટનમાં મોટી ટાંકી ચોક નજીક ગવલીવાડ મેઇન રોડ પર રહેતો યુવાન શનીવારે ઘરેથી નીકળ્યા બાદ ગૂમ થયા પછી સોમવારે તેની લાશ ગવલીવાડના વોંકળામાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. ચાલીને જતી વખતે લપસી પડતાં પાણીમાં મોઢું જતું રહ્યું હોઇ તે ઉભો ન થઇ શકતાં ડુબી જવાથી મોત થયાની શક્યતાએ પોલીસે તપાસ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ગવલીવાડ નજીક શ્રી જલારામ મંદિર નજીક આવેલા વોંકળામાંથી ગવલીવાડમાં જ રહેતાં રિક્ષાચાલકની માથું વોંકળાના પાણીમાં ડુબી ગયેલી હાલતમાં લાશ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી અને અરેરાટી વ્યાપી ગઇ હતી. શનિવારે ઘરેથી નીકળ્યા બાદ આજે સવારે તેની લાશ મળી હતી. વધુ માહિતી મુજબ ગવલીવાડમાં આવેલા નાલામાં એક યુવાનની લાશ ઉંધા માથે પડી હોવાની જાણ થતાં પ્ર.નગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. જયદિપસિંહ જાડેજા, શક્તિસિંહ સહિતનો સ્ટાફ પહોંચ્યો હતો. ૧૦૮ની ટીમ પણ પહોંચી હતી.

લોકોની મદદથી પોલીસે લાશ બહાર કઢાવી તપાસ શરૂ કરતાં આ લાશ ગવલીવાડ શેરી



નં. ૨૨માં રહેતાં સર્જીલ મહેબુબભાઇ સોલંકી નામના સત્યાવીસ વર્ષના યુવાનની હોવાનું ખુલતાં તેમના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. વોંકળાના પાણીમાં લાશ પડી હોવાને કારણે ફુલાઇ અને કોહવાઇ ગઇ હોઇ પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી. મૃત્યુ પામનાર સર્જીલ ચૌહાણ ત્રણ ભાઇમાં વચેટ હતો અને ભાડાની રિક્ષા હંકારી ગુજરાન ચલાવતો હતો. તેના લગ્ન થયા નહોતાં.

વધુ વિગતો અનુસાર શનિવારે તે ઘરેથી નીકળ્યો હતો. ચાલીને વોંકળો પસાર કરતી વખતે અકસ્માતે લપસી પડ્યા બાદ ઉભો નહિ થઇ શકતાં અને પાણીમાં મોઢુ જતું રહ્યું હોઇ પાણી પી જતાં મૃત્યુ થયા બાદ બે દિવસ લાશ પડી રહી હોઇ ફુલાઇ ગયાનું તારણ પોલીસે કાઢ્યું હતું. આ બનાવથી પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં વિસ્તારના લોકો એકઠા થઇ ગયા હતાં. મૃતકના પિતા પણ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. દિકરાના મૃત્યુથી પરિવારમાં માતમ છવાયો હતો. લોકોમાં ચર્ચા હતી કે જે વોંકળો છે તેને જવાબદાર સત્તાધીશો જો બંધ કરી દે તો આવી દૂર્ઘટના અટકી શકે. અગાઉ પણ બાળકો આ વોંકળામાં પડી ગયાના દાખલા લોકોએ રજૂ કર્યા હતાં. જો કે તેમાં બાળકોનો બચાવ થયો હતો. આ વખતે આ વોંકળો જીવલેણ બન્યો છે.